dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue- 331 | AD - 2024, Bhadarva Sud - 02 | Thursday, Dt.05-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રીએ જોરશોરથી ઢોલ વગાડ્યો, મહિલાઓએ રાખડી બાંધી

# સિંગાપુર પહોંચેલા પ્રધાનમંત્રી મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત

**મોદી ભારતીય સમુદાયને મળ્યા, આજે સિંગાપોરના સંસદભવન ખાતે સ્વાગત કરાશે**

નવીદિલ્હી,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રુનેઈની મુલાકાત બાદ સિંગાપુર પહોંચી ગયા છે. અહીં પીએમ મોદીનું ઢોલ-નગારા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખુદ વડાપ્રધાન સિંગાપોરમાં ડ્રમ વગાડતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે, પીએમ મોદી દક્ષિણ પૂર્વ એશિયાઈ રાષ્ટ્ર સાથે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે સિંગાપોર પહોંચ્યા છે. તેમની યાત્રા બે દિવસ સુધી ચાલશે. આ પહેલા પીએમ મોદી ૩-૪ સપ્ટેમ્બર સુધી બ્રુનેઈના પ્રવાસે હતા. બાદમાં તે ત્યાંથી સિંગાપુર જવા રવાના થયા હતા. સિંગાપોરમાં પીએમ મોદીનું ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીએમ મોદી પણ મસ્તીના મૂડમાં જોવા મળ્યા અને તેઓ પોતે જ ઢોલ વગાડવા લાગ્યા. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં પીએમ ચહેરા પર સ્મિત સાથે ડ્રમ વગાડતા જોઈ શકાય છે. પીએમ મોદીની આ મુલાકાતને લઈને સિંગાપોરમાં હાજર ભારતીય સમુદાયમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પીએમ ભારતીય સમુદાયને મળ્યા અને લોકોને પોતાનો ઓટોગ્રાફ પણ આપ્યો. આટલું જ નહીં, જ્યારે વડાપ્રધાન મોદી સિંગાપુરની એક હોટલમાં પહોંચ્યા ત્યારે એક મહિલાએ



તેમને રાખડી બાંધી. દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશની તેમની પાંચમી સત્તાવાર મુલાકાતના ભાગરૂપે બ્રુનેઈની મુલાકાત બાદ સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગના આમંત્રણ પર વડાપ્રધાન અહીં પહોંચ્યા હતા. આ બે દિવસીય મુલાકાત દરમિયાન પીએમ મોદીનું ગુરુવારે સિંગાપોરના સંસદ ભવન ખાતે સત્તાવાર રીતે સ્વાગત કરવામાં આવશે. આ દરમિયાન તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમને પણ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત-સિંગાપોર મિત્રતાને પ્રોત્સાહન આપવા, વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશમાંથી રોકાણ આકર્ષિત કરવાના હેતુથી બુધવારે બે દિવસની મુલાકાતે અહીં પહોંચ્યા હતા. સિંગાપોર રવાના થતા પહેલા એક નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું, હું સિંગાપોર સાથે અમારી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની રીતો પર ચર્ચા કરવા આતુર છું, ખાસ કરીને અદ્યતન ઉત્પાદન, ડિજિટલાઈઝેશન અને ટકાઉ વિકાસના નવા અને ઉભરતા ક્ષેત્રોમાં.' વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તાવાર મુલાકાતે સિંગાપોર પહોંચ્યા છે. સિંગાપોરના ગૃહ અને કાયદા મંત્રી દ્વારા એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શહેરની એક હોટલમાં ભારતીય સમુદાય દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સિંગાપોરના વડાપ્રધાન દ્વારા પીએમ મોદી માટે ખાનગી ડિનરનું આયોજન કરાયું હતું. આવતીકાલે તેનું ખૂબ જ વ્યસ્ત શેડ્યૂલ છે.

સવારે તેઓ સિંગાપોરના વડાપ્રધાન સાથે મુલાકાત કરશે, જ્યાં તેમનું ઔપચારિક સ્વાગત પણ કરવામાં આવશે અને ત્યારબાદ તેઓ સિંગાપોરના રાષ્ટ્રપતિ અને વરિષ્ઠ પ્રધાનો એમેરિટસ અને અન્ય કેટલાક મહાનુભાવો સાથે મુલાકાત કરશે. તેઓ સિંગાપોરના વડાપ્રધાન સાથે સેમિકન્ડક્ટર ફેસિલિટી એઈએમની પણ મુલાકાત લેશે.

### સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ કેન્દ્રીય આરોગ્ય સચિવે રાજયોના ડીજીપી સાથે બેઠક યોજી

# ડોક્ટરોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર વધુ કડક કાયદો બનાવશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા,૪

કેન્દ્ર સરકારે હોસ્પિટલોમાં ડોકટરો અને નર્સોની સુરક્ષાને લઈને એક મોટું પગલું ભર્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર કેન્દ્રીય ગૃહ સચિવ અને કેન્દ્રીય આરોગ્ય સચિવે તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને ડીજીપી સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં હોસ્પિટલોમાં સુરક્ષા વધારવા, માજી સૈનિકોની સુરક્ષા કર્મચારી તરીકે નિમણૂંક અને ડોક્ટરોની સુરક્ષા માટે કાયદો બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલામાં આ બેઠક થઈ હતી. આ ઘટના બાદ દેશભરમાં ડોક્ટરોની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક સૂત્રએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે હોસ્પિટલોમાં વ્યાપક સુરક્ષા ઓડિટ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ, એસપી અને જિલ્લા હોસ્પિટલો અને મેડિકલ કોલેજોના ડીન/નિર્દેશકો આ પ્રક્રિયામાં સામેલ થશે. બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને કેન્દ્રીય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. આ સાથે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર, હોસ્પિટલોમાં કામ કરતા લોકોની



સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા પર પણ વિચારણા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને કહ્યું કે જે હોસ્પિટલોમાં ઘણા લોકો આવે છે ત્યાં સુરક્ષા જોખમ વધારે છે. આવા સ્થળોએ કોઈપણ અપ્રિય ઘટના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. તેમણે આવી હોસ્પિટલોને ઓળખવા અને ત્યાં સુરક્ષા વધારવા પર ભાર મૂક્યો હતો. મોહને હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, સ્થાનિક પોલીસ અને આરોગ્ય અધિકારીઓ સાથે મળીને સુરક્ષા ઓડિટ કરવા જણાવ્યું હતું. તેમણે ઈમરજન્સી રૂમ અને આઈસીયુ જેવી સંવેદનશીલ જગ્યાઓ પર વિશેષ ધ્યાન આપવાની વાત કરી હતી. ગોવિંદ મોહને હાઈ રિસ્ક ઝોનમાં સીસીટીવી કેમેરા લગાવવા અને જાળવવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે આ કેમેરાઓને સ્થાનિક પોલીસ સાથે જોડવા જોઈએ જેથી જો જરૂર પડે તો તરત જ ફૂટેજ જોઈ શકાય. બેઠકમાં એવી પણ માહિતી આપવામાં આવી હતી કે ગૃહ મંત્રાલય એક 'મોડલ કાયદો' તૈયાર કરશે, જે રાજ્યો માટે હોસ્પિટલોમાં સલામતી અને હિંસા સંબંધિત તેમના કાયદાઓને સુધારવા માટે માર્ગદર્શિકા તરીકે કામ કરશે.

### ગણપતિ પંડાલનો રૂ.૪૦૦ કરોડનો વીમો

# મુંબઈના વડાલામાં બિરાજમાન ગણપતિબાપાની મૂર્તિ ૬૯ કિલો સોના અને ૩૩૬ કિલો ચાંદીથી શણગારાશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૪

દર વર્ષે ભાદ્રપદ મહિનાની શુક્લ પક્ષની ચતુર્થી તિથિથી દેશભરમાં ગણેશ મહોત્સવની શરૂઆત થાય છે. અહીં તમને જણાવી દઈએ કે, આ વખતે ગણેશ મહોત્સવ શનિવાર ૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યો છે અને ગણેશ વિસર્જન ૧૭ સપ્ટેમ્બરે કરવામાં આવશે.

અહીં તમને જણાવી દઈએ કે ગણપતિ મહોત્સવ ખાસ કરીને મહારાષ્ટ્રમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. મુંબઈમાં ગણપતિની દરેક મૂર્તિ ખુદ



પોતાનામાં જ અદભુત છે. અહીં તમને જણાવી દઈએ કે, ગયા વર્ષે જીએસબી પંડાલમાં બાપ્પાની મૂર્તિને ૬૬ કિલો સોના અને ૨૯૫ કિલો ચાંદીથી શણગારવામાં આવી હતી. ગયા વર્ષે જીએસબી પંડાલમાં બાપ્પાની મૂર્તિને ૬૬ કિલો સોના અને ૨૯૫ કિલો ચાંદીથી શણગારવામાં આવી હતી. આ વખતે બાપ્પાની મૂર્તિને ૬૯ કિલો સોનાના આભૂષણો અને લગભગ ૩૩૬ કિલો ચાંદીના ઘરેણાંથી શણગારવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ વખતે ગણપતિ પંડાલનો ૪૦૦.૮ કરોડ રૂપિયાનો વીમો લેવામાં આવ્યો છે. આ સાથે પંડાલને સંપૂર્ણ રીતે ફાયર પ્રુફ બનાવવામાં આવી રહ્યો છે અને પ્રવેશ QR કોડ દ્વારા થશે. અહીં બાપ્પાના દર્શન ૫ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે.

### હવામાન વિભાગે દેશના ૧૯ રાજયોમાં વરસાદનુ એલર્ટ જાહેર કર્યુ

# નાગાલેન્ડના એક ગામમાં ભૂસ્ખલન : ત્રણના મોત, અનેક લોકો ગુમ

નાનાલેન્ડ, તા.૪

નાગાલેન્ડના ચુમૌકેડિમા જિલ્લાના એક ગામમાં ગઈ મોડી રાત્રે પૂર અને ભૂસ્ખલનમાં ત્રણ લોકોના મોત થયા હતા. ઘણા લોકો ગુમ છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. રાજધાની કોહિમાથી દીમાપુરને જોડતો NH-૨૯નો એક ભાગ સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ત્રિપુરામાં વરસાદ અને પૂરને કારણે છેલ્લા ૭ દિવસમાં ૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આંધ્રના ૧૭, તેલંગાણાના ૧૬ અને ત્રિપુરાના ૩૧ લોકોએ જીવ



ગુમાવ્યા છે. ત્રિપુરામાં અત્યાર સુધીમાં ૭૨ હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. હિમાચલમાં મંગળવારે વરસાદ બાદ ૨ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૭૮ રસ્તાઓ બંધ રહ્યા હતા. ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. હવામાને બુધવારે વાવાઝોડા માટે યલો એલર્ટ જાહેર કર્યું હતું. હિમાચલમાં ચોમાસાની સિઝનમાં પૂર અને લેન્ડ સ્લાઈડને કારણે ૧૫૩ લોકોના મોત થયા છે. આજે હવામાન વિભાગે છત્તીસગઢ અને બિહાર સહિત ૧૯ રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

# જાહેરનામુ : રાષ્ટ્રપતિએ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને વૈધાનિક સંસ્થા બનાવવાની સત્તા આપી



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

કેન્દ્રએ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને દિલ્હી મહિલા આયોગ અને દિલ્હી વિદ્યુત નિયમનકારી આયોગ જેવી કોઈપણ સત્તા, બોર્ડ અને કમિશનની રચના કરવાની સંપૂર્ણ સત્તા આપી છે. ગૃહ મંત્રાલયના એક નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર પણ આ સંસ્થાઓમાં સભ્યોની નિમણૂક કરી શકશે.

બંધારણની કલમ ૨૩૯ની કલમ (૧) હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા દિલ્હીના એલજીને આ સત્તા આપવામાં આવી છે. તેઓ આગળના આદેશ સુધી કાયદાની કલમ ૪૫ની કલમ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરશે. બંધારણની કલમ ૨૩૯ કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટ સાથે સંબંધિત છે. આ નિર્ણય ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી એક્ટ, ૧૯૯૧ હેઠળ લેવામાં આવ્યો છે. પહેલા આ અધિકારો દિલ્હી સરકાર પાસે હતા. આવી સ્થિતિમાં આ મુદ્દે રાજકીય ગરમી વધે તેવી શક્યતા છે. વાસ્તવમાં, અધિકારોના મુદ્દે સરકાર અને એલજી વચ્ચે પહેલેથી જ ઝઘડો ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકાર એલજી અને સીએમના અધિકારોને લઈને કાયદો પણ લાવી છે. બાદમાં સુપ્રીમ કોર્ટે દિલ્હીના સીએમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

આ પછી, રાષ્ટ્રપતિએ ગયા વર્ષે દિલ્હી સરકાર (સુધારા) બિલ ૨૦૨૩ને મંજૂરી આપી હતી, જ્યારે સીએમ કેજરીવાલે તેનો વિરોધ કર્યો હતો. આ મુદ્દે દિલ્હી સરકાર એલજી પર ગંભીર આરોપો લગાવી રહી છે. તાજેતરમાં જ દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે એલજી પર કરદાતાઓના પૈસાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. હવે એલજીને કેન્દ્ર સરકાર દ્વારા વધુ સત્તા આપવામાં આવી છે.









### કલેક્ટર અજય દહીયાના અધ્યક્ષસ્થાને

# જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

**કેન્દ્ર સરકાર દ્વારા 'નલ જલ મિત્ર' કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો**

અમરેલી,તા.૪

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ'ની બેઠક યોજાઈ હતી.

સમિતિના ઉપાધ્યક્ષ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા તેમજ સમિતિના સભ્ય સચિવ વામજાની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમાં, ગત બેઠકમાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલા ૧૬ ગામોના કામોને બહાલી આપવામાં આવી હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લાના ૧૫ ગામોની રીજુવીનેશ અને ખાસ અંગભૂત કાર્યક્રમ હેઠળ રુ.૫૦,૧૨,૧૬૯ના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી.

આ ગામોમાં કુંકાવાવ તાલુકાના જૂના બાદનપુર, ધારીના વેકરિયાપરા, દહીંડા, ડાભાળી, દુધાળા, કેરાળા, અમરેલીના સરંભડા, બગસરાના ખારી, ખાંભાના તાતણીયા, ત્રાકુડા, મોટા સરકડિયા, રબારિકા, નીંગાળા-૦૨, રાજુલાના બાબરિયાધાર, બાબરાના રાયપર સહિતના ગામો ખાતે નવીન બોર તથા પમ્પીંગ મશીનરી, હયાત બોરની પમ્પીંગ મશીનરી, અનુસૂચીત જાતિ વિસ્તારના પ્લોટ



વિસ્તારમાં પીવાના પાણી માટે પાઈપલાઈન નાખવા સહિતની કામગીરીને અધ્યક્ષ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. ગ્રામ્ય કક્ષાએ સ્કિલ મેનપાવર તૈયાર થાય તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા 'નલ જલ મિત્ર' કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠાની કામગીરી સાથે સંકળાયેલા ઓછામાં ઓછો ૨ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતા કર્મયોગીઓને આઈ.ટી.આઈ. ખાતે તાલીમ આપવામાં આવશે. આ તાલીમ માટેનો સંપૂર્ણ ખર્ચ પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચમાંથી ચૂકવવામાં આવશે. જિલ્લા કલેક્ટરે સમિતિની બેઠકમાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલા કામો બનતી ત્વરાએ સંપન્ન કરવા સૂચના આપી હતી.

આ ઉપરાંત તેમણે નલ જલ મિત્ર કાર્યક્રમ માટે તાલીમાર્થીઓની યાદી તેમજ અન્ય જરુરી કાર્યવાહી સંદર્ભે દિશાનિર્દેશો આપ્યા હતા. આ બેઠકમાં શિક્ષણ, આરોગ્ય, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જિલ્લા સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા પંચાયત સહિતની વિવિધ કચેરીઓના અધિકારીઓ-સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# એથ્લેટીકસ સ્પર્ધામાં સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળકયા



અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લા ભાઈઓની એથ્લેટીકસ સ્પર્ધા તારીખ ૧૨ ના રોજ વિદ્યાસભા સંકુલ, અમરેલી મુકામે યોજાઈ. જેમાં સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ધરાઈ ગામની સીમમાંથી અમરેલી એલસીબી ટીમે ૬ શકુનીને રોકડા ૨૬,૦૦૦ સાથે ઝડપ્યા

**પકડાયેલા જુગારીમાં એક સુરતી**



અમરેલી, તા.૦૪

અમરેલી એલસીબી ટીમે ધરાઈ ગામની સીમમાંથી ૬ જુગારીને રોકડા ૨૬૦૦૦ સાથે ઝડપી લીધા હતા, જેમાં એક સુરતી પણ હતો. રાજેન્દ્રભાઈ હિરાલાલભાઈ જોષી, નિલેષભાઈ બાબુભાઈ વામજા, ચેતનભાઈ પુંડરીકભાઈ પંડ્યા, અશ્વીનભાઈ જયંતીભાઈ ખાંભુર, અમિતભાઈ દીલાવરભાઈ કોરેજા તથા ભરતભાઈ જયતાભાઈ વાળા મંદિર વાળા કેડા તરીકે ઓળખાતી ધરાઈ ગામની સીમમાં આવેલી રાજેન્દ્રભાઈ હિરાલાલભાઈ જોષીની વાડી પાસે, તળાવ કાંઠે જાહેરમાં પૈસા-પાના વડે હાર-જીતનો તીન-પત્તીનો જુગાર રમતાં રોકડા રૂ.૨૬,૦૦૦ સાથે ઝડપાયા હતા.

# રોહિસા ગામે પટારામાં રાખેલ રૂ.૨૨,૫૦૦ની મત્તાની ચોરી

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદના રોહિસા ગામે પટારામાં રાખેલા રોકડા ૧૦ હજાર સહિત કુલ રૂપિયા ૨૨,૫૦૦ની મત્તાની ચોરી થઈ હતી. બનાવ અંગે ચનાભાઈ લખમણભાઈ પરમાર (ઉ.વ.૬૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનું ઘરનું તાળું તોડી પ્રવેશેલા ચોરે લાકડાના પટારામાં રાખેલા રોકડા રૂ. ૧૦,૦૦૦ તથા પતરાના કબાટમાં તેમના દિકરાની પત્નીના સોનાના દાગીના, ચાંદીની વીંટી મળી કુલ રૂ. ૨૨,૫૦૦ મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.એસ. ઈશરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના બગેશ્વર મંદિરમાં શ્રાવણ માસનાં છેલ્લા દિવસે અન્નકોટ દર્શન

બગસરા, તા.૦૪

બગસરામાં આવેલા ૩૦૦ વર્ષ જૂનાં શિવ મંદિર કે જે બગદાલમ ઋષિની તપસ્યાથી સ્થાપિત થયેલ બગેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ માસનાં છેલ્લા દિવસે અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. અન્નકૂટનાં દર્શનનો લાભ મોટી સંખ્યામાં લોકોએ લીધો હતો.



તસવીર : હાર્દિક બામટા

સાથોસાથ સાંતલડી નદીના કાંઠે આવેલા રત્નેશ્વર મહાદેવના મંદિરે અમરનાથ મહાદેવનો શણગાર કરવામાં આવ્યો હતો. મહાદેવના દર્શને મોટી સંખ્યામાં શિવભકતો ઉમટી પડયાં હતા.

# ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ-બગસરા દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

બગસરા, તા.૦૪

ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ-બગસરા દ્વારા આગામી તારીખ ૧૫-૦૯-૨૦૨૪ને રવિવારે ૧૨મો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાશે. જેનું અધ્યક્ષ સ્થાન પ્રો. ડો. યોગેશભાઈ જોગસણ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ અને ઉદ્‌ઘાટન જનેશભાઈ બઢીયા, અમદાવાદ, વિજયભાઈ ડાભી સબ રજીસ્ટર ગોંડલ કરશે અને આશીર્વચન ધર્મેન્દ્રભાઈ હેજમ સરપંચ, ગ્રામ પંચાયત ઉમરાળા જૈન પ્રચારક હાજરી આપશે. આ કાર્યક્રમમાં પધારવા સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા નારણભાઈ પાટડીયા, શાંતિભાઈ રાણવા, ભીખાભાઈ રાણવા, જગદીશભાઈ પાટડીયા, સવજીભાઈ સોલંકી, હિંમતભાઈ રાણવા અને હિતેશભાઈ ખાંભુ વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે.

# સુરત પોલીસ સ્ટેશનનો નાસતો ફરતો આરોપી અમરેલી પોલીસનાં હાથે ઝડપાયો

**આરોપી મૂળ ગમા પીપળીયા તા.બાબરાનો હોવાનું ખુલ્યુ**

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા એલસીબી ટીમને સ્થાનિક તેમજ અન્ય જિલ્લામાં ગુનો કરી નાસતા ફરતા હોય તેવા આરોપીઓને ઝડપી પાડવા



સૂચના આપેલ હતી. જેથી અમરેલી એલસીબીએ સુરત શહેર ડીસીબી પોલીસ સ્ટેશનનાં વિવિધ ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપી અશ્વિન રમેશ પાનશેરીયા રહે. પુણા ગામ, કારગીલ ચોક સુરત વાળાને ઝડપી પાડયો હતો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા આરોપીનું મૂળ ગામ ગમા પીપળીયા તા. બાબરા હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી સુરત ડીસીબી પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.

# ધારી પોલીસ સ્ટેશનનો ચોરીના ગુનાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાં વિવિધ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાનાં આરોપીઓને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસ વડાએ અસરકારક કામગીરી કરવા માટે પોલીસને સૂચના આપી હતી. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી અમરેલી એલસીબી પીઆઈ એ.એમ. પટેલ પોતાની ટીમ સાથે ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ધારી પોલીસ સ્ટેશનનો ચોરીના ગુનાનો ફરાર આરોપી ભુપત જગુભાઈ વાળા રહે. ભરડ તા. ધારી વાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી બે મોટર સાયકલ કિં.રૂા. ૮૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે



આરોપીની પૂછપરછ કરતાં હિરો હોન્ડા મોટરસાયકલ ધારીનાં વિસાવદર રોડ પર આવેલી વાડી પાસેથી ચોરી કરેલ હોવાનું જણાવેલ તેમજ એકટીવા મોટરસાયકલ જેતપુરના રૂપાવટી ગામની વાડી વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાનું જણાવ્યું હતું. આરોપી સામે બગસરા પોલીસ સ્ટેશનમાં ૬, વિસાવદર અને જેતપુરમાં ૧-૧ ગુના નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

# ચલાલા શહેરમાં સાંઈ મંદિરના સાનિધ્યમાં બ્રહ્મચોર્યાસી યોજાઈ

**શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ તથા શિવસાંઈ ગ્રૃપનો સહયોગ**

ચલાલા, તા.૪

ચલાલામાં સાંઈ મંદિરના સાનિધ્યમાં શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ તથા શિવસાંઈ ગ્રુપ દ્વારા બ્રહ્મચોર્યાસી સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.



ચલાલા-મિઠાપુર સમસ્ત બ્રહ્મ સમાજ સહ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યો હતો. જેના કારણે મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં શિવરાજભાઈ વાળા, સંજયભાઈ ભુવા, જયરાજભાઈ જેબલીયા, લલીતભાઈ મહેતા, સ્વ.ગિરીશભાઈ જાની પરિવાર, જીતુભાઈ પંચોલી, દિવ્યેશ ઉનડકટ, અંકિતભાઈ દવે સહિતના દાતાઓનો મુખ્ય સહયોગ મળ્યો હતો. તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ધારાસભ્યએ વિધાનસભા ક્ષેત્રના તમામ ગામોમાં વિકાસ કાર્યો માટે પૂરતા પ્રયત્નો કરવાની ખાતરી આપી**

# રાજુલા તાલુકાના વિકાસ માટે સરપંચોની ધારાસભ્ય સાથે બેઠક

રાજુલા,તા.૦૪

રાજુલા તાલુકાના સરપંચ એસોસિએશન દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સમક્ષ તાલુકાના ખાણ પ્રભાવિત ગામો અને વિવિધ વિકાસ કાર્યો અંગે મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી.

રાજુલા તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઈ ધાખડાની આગેવાની હેઠળ, વિવિધ ગામોના સરપંચો અને પ્રતિનિધિઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. તેમાં મોટા આગરીયાના પ્રકાશભાઈ ખુમાણ, સમઢીયાળાના ભરતભાઈ, કુંભારીયાના મંગળુભાઈ, ધારાનાનેસના ભરતભાઈ, ભચાદરના મહેશભાઈ, માંડરડીના તખુભાઈ, વાવડીના વિરજીભાઈ, હીંડોરણાના



અનકભાઈ, કોવાયાના હરસુરભાઈ, વડના જીણાભાઈ, જુની માંડરડીના જેઠુરભાઈ, માજી સરપંચ દેવાયતભાઈ સહિત અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન, સરપંચોએ તેમના ગામોની વિવિધ સમસ્યાઓ અને વિકાસ કાર્યોની જરૂરિયાતો અંગે ચર્ચા કરી હતી. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સરપંચોની રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને રાજુલા તાલુકા તેમજ ૯૮ વિધાનસભા ક્ષેત્રના તમામ ગામોમાં વિકાસ કાર્યો માટે પૂરતા પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી.

# જિલ્લામાં અધિક મેજીસ્ટ્રેટનું જાહેરનામુ

**જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુનો નોંધાશે**

અમરેલી,તા.૦૪

આગામી દિવસોમાં તા.૦૭.૦૯.૨૦૨૪થી ગણપતિ મહોત્સવ તહેવાર હોય સાથે તા.૧૬.૦૯.૨૦૨૪ના રોજ ઈદ-એ-મિલાદનો તહેવાર છે. આથી અમરેલી જિલ્લામાં કાયદો - વ્યવસ્થા, જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જરુરી મનાઈ ફરમાવતું જાહેરનામું અમરેલી જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની અથવા કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત છે. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની કે, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

# પીઠવાજાળમાં સિંહે ચાર ગૌવંશનું મારણ કરતાં ફફડાટ



પીઠવાજાળ, તા.૦૪

અમરેલી તાલુકાનાં પીઠવાજાળ ગામે સિંહ દ્વારા ચાર ગૌવંશનું મારણ કરાતાં પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. ગત રાત્રીનાં રોજ સિંહ પરિવાર ગામના પાદરમાં આવી ચડયો હતો અને રેઢીયાળ ઢોર પર હુમલો કરી ચાર ગૌવંશનું મારણ કરી અને ૨ ગૌવંશને ઘાયલ કર્યા હતા. અને સિંહ પરિવારે ગૌવંશની મીજબાની માણી હતી. ગામમાં સિંહ પરિવારનાં આંટાફેરાથી પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનનો ભવ્ય પ્રારંભ

અમરેલી, તા.૪

ભારતીય જનતા પાર્ટીએ સદસ્યતા અભિયાનનો શુભારંભ કરેલ છે. ૪ સપ્ટેમ્બરના દિવસે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાને પ્રાથમિક સભ્ય બનાવી આ અભિયાનનો શુભારંભ કરેલ અને જીલ્લાભરમાંથી ૨ દિવસમાં ૫૦ હજાર પ્રાથમિક સદસ્યો બનાવવા માટે જીલ્લા



ભાજપ દ્વારા કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું. આ તકે જીલ્લાભરમાંથી મોટી સંખ્યામાં આવેલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, હોદેદારો, કાર્યકર્તાઓ, સિનિયર આગેવાનો દ્વારા પણ ૮૮૦૦૦૦૨૦૨૪ નંબર ડાયલ કરી અને પોતાની પ્રાથમિક સદસ્યતા નોધાવીને અનેરો ઉત્સાહ દેખાડ્યો હતો. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા,અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જીલ્લા પંચાયત સભ્યો, મંડલની ટીમ, તાલુકા પંચાયતો/ નગરપાલિકાઓના સભ્યો, સિનિયર આગેવાનો વગેરે હાજર રહ્યા હતા.

# કૌશિક વેકરીયાની રજૂઆતના પગલે વડિયા રેલવે સ્ટેશન પર રિઝર્વેશન સુવિધા શરૂ

વડિયા, તા.૪

ભારતીય રેલવેએ વડિયા રેલવે સ્ટેશન પર રિઝર્વેશન સુવિધાઓ શરૂ કરી છે, જેનાથી સ્થાનિક મુસાફરો માટે એડવાન્સ બુકિંગ કરવું હવે શક્ય બનશે. પહેલા અહીં એડવાન્સ બુકિંગની સુવિધા ન હોવાના કારણે લાંબા અંતરની મુસાફરી કરતી વખતે પ્રવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના ઉકેલ માટે, એક માસ પહેલા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના વડિયા સ્થિત લોકદરબાર દરમિયાન,



સ્થાનિક પત્રકાર ભીખુભાઈ વોરાએ રેલવે સત્તાવાળાઓ સમક્ષ આ બાબતે રજૂઆત કરી હતી. જેના પગલે ભાવનગર ડિવિઝને વડિયા રેલવે સ્ટેશન પર ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના બુધવારથી એડવાન્સ બુકિંગની સુવિધા શરૂ કરી છે.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# સાવરકુંડલાની યુવતી પર સુરતમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો

**સાસુ-સસરાની ચડામણીથી પતિએ ગાળો આપી**

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલામાં રહેતી એક યુવતીના લગ્ન મોટા બારમણ ગામના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ તેઓ સુરત રહેવા ગયા હતા. જ્યાં સાસુ-સસરાની ચડામણીથી પતિ પરિણીતા પર ત્રાસ ગુજારતો હતો. સાસરિયાનો સિતમ સહન નહીં થતાં પિયર પરત ફરીને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. નયનાબેન જીતેશભાઈ કાકડીયા (ઉ.વ.૩૬)એ પતિ જીતેશભાઈ બાલુભાઈ કાકડીયા, સસરા બાલુભાઈ વશરામભાઈ કાકડીયા તથા સાસુ ચંપાબેન બાલુભાઈ કાકડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન ૦૭-૦૩-૨૦૨૨ના રોજ જીતેશભાઈ કાકડીયા સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી તેમને વ્યવસ્થિત રાખી હતી. જે બાદ સાસુ-સસરાની ચડામણીના કારણે પતિએ તેમને ગાળો આપીને માનસિક, શારીરિક દુ:ખત્રાસ આપ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એચ.કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

રસિકભાઈ ગીરધરભાઈ પોપટ (ઉ.વ:૮૨) તે કમલેશભાઈ રસિકભાઈ પોપટ અને ભાવેશભાઈ રસિકભાઈ પોપટના પિતાશ્રીનું તા:૨/૪/૨૦૨૪ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા:૫/૯/૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ મંદિર નદી કાંઠે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

જેતપુર નિવાસી ગ.સ્વ. જ્યાબેન તનસુખલાલ સોનેજી (ઉ.વ:૮૦) નું દુ:ખદ અવસાન તા:૩૦/૮/૨૪ ને શુક્રવારના રોજ જેતપુર મુકામે થયેલ છે જે સાવરકુંડલા નિવાસી નરેન્દ્ર જેઠાલાલ જોગીના મોટા બેન થાય છે તથા સ્વ.ભરતકુમાર પ્રભુદાસ છાટબારના સાસુ થાય તેમની સાદડી તા:૫/૯/૨૪ ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે બ્રહ્મક્ષત્રીય જ્ઞાતિ પંચ વાડી નદી કાંઠે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

જોષનાબેન હરકાંતભાઈ પંડયા (ઉ.વ:૬૮) તે પીયૂષભાઈ પંડ્યા અને ધવલભાઈ પંડ્યાના માતુશ્રીનું તા:૩/૯/૨૦૨૪ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા: ૫/૯/૨૪ ને ગુરુવારના રોજ ૪:૦૦ થી ૬:૦૦ કલાકે કલ્યાણેશ્વર મહાદેવ મંદિર, બસ સ્ટેન્ડ પાસે, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

બ્રહ્મક્ષત્રિય સ્વ. વિજયભાઈ કિશોરભાઈ વલેરા (ઉ.૫૭) (બગસરા વાળા) હાલ બાબરા તે કૌશિકભાઈ (લંડન) જય પ્રકાશભાઈ (બગસરા) ભારતીબેન (લંડન) ના નાના ભાઈ તેમજ જયેશભાઈ (બગસરા) અનિલભાઈ (બગસરા) ભાવનાબેન (બાબરા) ચેતનાબેન (રાજકોટ ) દક્ષાબેન (મહુવા) ના મોટાભાઈ તેમજ આશા, જેનીકા, નીલ, પરાગ, ધરા, હાર્દિકના કાકા તેમજ કૃષ્ણકાંત, હિરેન, પ્રતીકના મામા તેમજ ત્રિશિવના દાદાનું તા ૧ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તારીખ ૫ ને ગુરૂવારના રોજ બપોરે ૪ થી ૬ જૂની બ્રહ્મક્ષત્રીય સમાજની વાડી ખત્રીવાડ બગસરા મુકામે રાખેલ છે.

KAKA PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

# જિલ્લામાંથી જોખમી રીતે વાહન ચલાવતાં ૧૫ ઈસમો ઝડપાયા

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાંથી પોલીસે જોખમી રીતે વાહન ચલાવતાં ૧૫ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ખડાધાર ચેકપોસ્ટ પરથી ત્રણ ઈસમો, મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે શખ્સ, ટીંબી ચેકપોસ્ટ પરથી ત્રણ લોકો, હેમાળ ગામે એભલવડ જવાના રસ્તેથી એક, સાવરકુંડલામાંથી બે, ધારીમાંથી ત્રણ, શેલણા ચેકપોસ્ટ પાસેથી એક મળી કુલ ૧૫ ઈસમો જોખમી, સર્પાકાર કે ડ્રાયવિંગ લાયસન્સ વગર વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE
अब पेट्रोल की टेंशन छोड़ो !
SPECIAL OFFER
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
RTO / PUC LICENCE PETROL POLLUTION REGISTRATION
Alish No
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

# જાફરાબાદ શહેરમાં ત્રણ માળના બિલ્ડીંગમાં આગ લાગતા અફરાતફરી



અમરેલી,તા.૦૪

જાફરાબાદ શહેરમાં મોટા ઊચાણીયા વિસ્તારમાં એક ત્રણ માળના બિલ્ડિંગમાં આગ લાગી હતી. બિલ્ડિંગની નીચે કાપડ રેડીમેઈડની દુકાન હતી અને એક બીજી દુકાનમાં ફરસાણનું ગોડાઉન હતું. રાત્રીના સમયે કોઈ કારણોસર આગ લાગતા ભારે દોડધામ મચી હતી. જાફરાબાદ નગરપાલિકા પાસે ફાયર ફાઈટર ખરાબ હાલતમાં હોવાને કારણે ઉપયોગ કરી શકાય તેમ ન હતો, જેના કારણે આખી બિલ્ડીંગમાં આગ ફેલાઈ ગઈ હતી. બિલ્ડીંગમાં ભારે નુકસાન થયું છે. અહીં આગ વધુ વકરતા નજીકના નર્મદા સિમેન્ટ અને સીંટેક્ષ કંપનીની ફાયર ટીમો બોલાવી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી કંટ્રોલ કરવામાં આવ્યો હતો. આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. વિકરાળ આગને કારણે આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાયા હતા અને આસપાસના લોકોમાં ભારે ભાગદોડ મચી હતી. આગના કારણે દુકાનોમાં રહેલ મોટાભાગનો સામાન બળીને ખાખ થતા લાખો રૂપિયાનું નુકસાન જોવા મળી રહ્યું છે.

# અમરેલી જિલ્લા કક્ષાની આઈ.ટી. ક્વીઝ અને સાયન્સ સેમિનાર સંપન્ન



અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ અને સાયન્સ સેમિનાર સંપન્ન થયો હતો. આ સેમિનારમાં કોલેજના પ્રોફેસરો અને શાળાના શિક્ષકોએ હાજરી આપી હતી. જિલ્લા લેવલની રૂરલ આઈ.ટી. ક્વીઝમાં જિલ્લાની વિવિધ શાળાઓનાં ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. તેમજ જિલ્લા લેવલના નેશનલ સાયન્સ સેમિનારમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આગામી સમયમાં યોજાનાર રાજય કક્ષાની રૂરલ આઈ. ટી. ક્વીઝમાં આ પસંદગી પામેલ ૧૫ વિદ્યાર્થીઓ ભાગ લેશે. જયારે નેશનલ સાયન્સ સેમિનારમાં પ્રથમ અને બીજા ક્રમે પસંદગી પામનાર વિદ્યાર્થીઓ અમરેલીનું પ્રભુત્વ કરશે.

આ સેમિનારમાં ડી.ઈ.ઓ. ગોહિલ, ડી.પી.ઈ.ઓ. મીયાણી, શિક્ષણ વિભાગના જી.એમ. સોલંકી સહિતના અધિકારીઓ, શાળાના આચાર્યો, શિક્ષકો સહિતનાઓ હાજર રહ્યા હતા.

# ધારીવિસાવદર રોડ ઉપર વાડીએથી બાઈકની ચોરી

**ખેડૂત વાડીમાં ખાતર નાખવા ગયો હતો**

ધારી,તા.૦૪

એક યુવક ધારી વિસાવદર રોડ ઉપર આવેલી તેની વાડીએ કપાસમાં ખાતર નાખવા ગયો ત્યારે બાઈક જાહેર રોડે પાર્ક કર્યુ હતું. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. ધારીના પ્રેમપરામાં રહેતા જયંતીભાઈ કનુભાઈ પાઘડાળ (ઉ.વ.૪૫) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની મોટર સાયકલ લઈને ધારી વિસાવદર રોડ પર આવેલી વાડીએ ગયા હતા. વાડીની બહાર જાહેર રોડ પર પાર્ક કરી કપાસમાં ખાતર નાખવા ગયા તે દરમિયાન અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ વલીભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં સપ્ટેમ્બર 'પોષણ માસ' તરીકે ઉજવાશે

**માસના ચોથા મંગળવારે આંગણવાડીની કિશોરીઓને પૂર્ણા શક્તિના પેકેટનું વિતરણ**

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં સપ્ટેમ્બર માસની તા.૦૧ થી તા.૩૦ દરમિયાન પોષણ માસની ઉજવણી અંતર્ગત જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોમાં એનિમિયા, ગ્રોથ મોનીટરીંગ, પૂરક આહાર, 'પોષણ ભી પઢાઈ ભી' સહિતના વિષયોને આવરી લેવાશે, જે સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા ટેકનોલોજી અને સર્વગ્રાહી પોષણ થીમ પર જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. માસના ચોથા મંગળવારે જિલ્લામાં આંગણવાડી કેન્દ્રની આશરે ૨૭૧૭૨ જેટલી કિશોરીઓને પૂર્ણા શક્તિના પેકેટસનું વિતરણ થાય છે. કિશોરીમાં પોષણ વધારવાના ઉમદા ઉદ્દેશ સાથે પૂર્ણા યોજના અન્વયે ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આવરી લઈ શાળાએ જતી કિશોરીઓ અને શાળાએ ન જતી કિશોરીઓને પોષણ માટે જરુરી લાભ આપવામાં આવે છે. કિશોરીઓની આરોગ્ય તપાસ અને આઈ.એફ.એ. ગોળીઓ આપવામાં આવે છે. આરોગ્ય વિભાગના સહકારથી, આંગણવાડી કેન્દ્ર પર માસના પ્રથમ બુધવારના રોજ મમતા દિને સગર્ભા, ધાત્રી તથા કિશોરીઓની શારીરિક તપાસ, બી.એમ.આઈ અને એચ.બી ટેસ્ટ કરવામાં આવે છે. કેન્દ્ર પર કિશોરીઓને આઈ.એફ.એ. ગોળીનું વિતરણ કરવામાં આવે છે. બાળલગ્ન અને એનિમિયા દૂર કરવા અને પોષણયુક્ત આહારની સમજ આપવામાં આવે છે. બાળાઓ અને કિશોરીઓમાં પોષણનું પ્રમાણ વધારવા રાજય સરકાર દ્વારા શરુ કરવામાં આવેલા પોષણ માસ અભિયાનમાં જોડાવા અનુરોધ કરાયો છે.

# મીતીયાળા ગામની સીમમાંથી ઉઈસમો લોખંડની રાપ રીક્ષામાં ભરીને લઈ ગયા

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલાના મીતીયાળા ગામની સીમમાંથી ત્રણ ઈસમો ટ્રેકટરમાં જોડીને ચલાવવાની લોખંડની રાપ રીક્ષામાં ભરીને ચોરી ગયા હતા. જેને લઈ ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ અંગે યુનુસભાઈ નુરમહંમદભાઈ લલીયા (ઉ.વ.૬૩)એ મીતીયાળા ગામના હાર્દિકભાઈ ઉર્ફે ભોલો રાજાભાઈ ઉર્ફે ભુટો વાઘેલા તથા સાવરકુંડલામાં રહેતા રફીકશા રજાકશા શેખ અને આબીદ સાબીરભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમની વાડીમાં પ્રવેશ કરી વાડીએ રાખેલ ટ્રેકટરમાં જોડીને ચલાવવાનું લોખંડનું સાતી (રાપ) રીક્ષામાં ભરી ચોરી કરી લઈ ગયા હતા. આ રાપની કિંમત પોલીસ ચોપડે રૂ. ૫૦૦૦ જાહેર થઈ હતી.

# સુરત પાસિંગની કારનો ચાલક ટુ વ્હીલ ચાલકને ટક્કર મારી ફરાર થઈ ગયો

**ગોરડકાથી મેરીયાણાના રસ્તે ઘટના બની**

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલામાં અકસ્માતનો સિલસિલો યથાવત છે. ગોરડકાથી મેરીયાણાના રસ્તે મેરપધાર હનુમાનજી મંદિર પાસે સુરત પાસિંગની ફોર વ્હીલનો ચાલક ટુ વ્હીલ ચાલકને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ગોરકડા ગામે રહેતા જયંતીભાઈ ઉર્ફે ટીટલો કાળાભાઈ કાતરીયા (ઉ.વ ૩૦)એ તેમના જ ગામના ઉદયભાઈ વીરાભાઈ ચાંદુ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાની સ્વિફટ કાર નં.જી.જે.૦૫-સી.એન-૨૨૩૩ ને માણસની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેમની મોટર સાયકલ નં.જી.જે-૧૪-એ.એમ-૨૩૬૮ સાથે અથડાવી અકસ્માત કરી, ગંભીર ઈજા પંહોચાડી નાસી ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. નાંદવા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ગણપતિ ઉત્સવની મિટિંગમાં સોસાયટીના રહીશોમાં બબાલ થઈ

અમરેલી, તા.૦૪

અમરેલીમાં લીલીયા રોડ પર આવેલી શિવ રેસિડેન્સીમાં ગણપતિ ઉત્સવની મિટિંગમાં સોસાયટીના રહીશો વચ્ચે બબાલ થઈ હતી. નિમિતભાઈ રાજેન્દ્રભાઈ ઠાકર (ઉ.વ.૪૨) એ સોસાયટીના ફુલીબેન બાવચંદભાઈ કાનપરિયા, ધર્મેશભાઈ બાવચંદભાઈ કાનપરિયા, નરેન્દ્રભાઈ બાવચંદભાઈ, પ્રફુલભાઈ કાછડીયા, લલીતભાઈ હિરપરા, ધવલભાઈ બીપીનભાઈ જીવાણી, સુધીરભાઈ કાથરોટીયા તથા વિમલભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, સોસાયટીમાં રહેતા રહીશોએ ગણપતિ ઉત્સવ નિમિત્તે મિટિંગનું આયોજન કર્યુ હતું. તે દરમિયાન તેમની સાથે મનદુઃખ રાખી આરોપીઓએ વારા ફરતી આવી તેમને ગાળો આપી અને ઢીકાપાટુથી મુંઢમાર માર્યો હતો તેમજ છરી જેવા ધારદાર હથિયારથી બંને હાથે ઈજા કરી હતી. તેના ડાબા હાથે કોણી પાસે પાંચેક ટાકા લાવી, છાતીમાં ઈજા કરી હતી તેમજ વાંસાના ભાગે ડંડા વડે મારી ઈજા પહોંચાડી હતી.

# વિસળીયા ગામે એક વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુઃખમાં પુરુષ પર હુમલો કર્યો

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૦૪

રાજુલાના વિસળીયા ગામે એક વર્ષ પહેલા થયેલી માથાકૂટના મનદુઃખમાં પુરુષ પર હુમલો કરવામાં આવ્યો હતો તેમજ ગાળો બોલી મુંઢ ઈજા પહોંચાડી હતી. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી હતી. હમીરભાઈ દાનાભાઈ શિયાળ (ઉ.વ.૫૦)એ મુકેશભાઈ વીરાભાઈ શિયાળ, વીરાભાઈ શિયાળ, રવજીભાઈ વીરાભાઈ શિયાળ તથા બાઘુબેન વીરાભાઈ શિયાળ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને રવજીભાઈ વીરાભાઈ શિયાળ સાથે એકાદ વર્ષ પહેલા માથાકૂટ થઈ હતી. જેનુ મનદુઃખ રાખી તે તથા સાહોદો તેની વાડીએથી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં ગાળો આપી હતી. બાદમાં લોખંડની ટી જમણા પગના પોંચા ઉપર મારી ફ્રેક્ચરની ઈજા કરી હતી. ઉપરાંત તેમના દીકરા ધનજીભાઈને તલવારનો એક ઘા મારી કપાળમાં ચાર ટાંકાની ઈજા કરી હતી. તેમજ દીકરા વિજયભાઈને પણ ખેતરમાં હાંકવાની રાપનો એક ઘા મારી મુંઢ ઈજા કરી હતી. જેમફાવે તેમ ગાળો આપી માર મારી મુંઢ ઈજાઓ કરી હતી. જે બાદ વીરાભાઈ લાખાભાઈ શિયાળ (ઉ.વ.૫૫)એ બાવભાઈ દાનાભાઈ શિયાળ, હમીરભાઈ દાનાભાઈ શિયાળ, ભાયાભાઈ દાનાભાઈ શિયાળ, કેસાભાઈ ગાંડાભાઈ શિયાળ, ધનજીભાઈ હમીરભાઈ શિયાળ સહિત કુલ ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો દીકરો દીપક તેમના ગામના યુવકની પત્નીને એકાદ વર્ષ પહેલા ભગાડી લઈ ગયો હતો. જેનુ મનદુઃખ રાખી તેમના ઘર પાસે તેમનો દીકરો રવજી બેઠો હતો ત્યાં આરોપી ઝઘડો કરતા હતા. જેથી તેમને સમજાવવા જતા જેમફાવે તેમ ગાળો આપી તેમની પાસે રહેલ લોખંડના પાઈપથી આડેધડ માર માર્યો હતો. તેમને તથા તેમના પત્નીને આડેધડ માર મારી ગાળો આપી, જેમફાવે તેમ આડેધડ માર મારી મુંઢ ઈજાઓ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.જી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:બીજ
તા. ૦૫-૦૯-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૦૧, સૂર્યાસ્ત-૦૬:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૦૫-૦૯-૨૦૨૪ ગુરૂવાર**

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઇનલ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. તેથી બધું કાળજીપૂર્વક કરો.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૦મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ચલાલા, તા.૦૪

ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ૨૭૦મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ, ચલાલા ખાતે યોજાશે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિના સહયોગથી યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાત ડૉક્ટરોની ટીમ સેવા આપશે. સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણીના સ્મરણાર્થે ભાયાણી પરિવાર (યુ.કે.)ના આર્થિક સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં દર્દીઓની વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે અને જરૂરી દવાઓ આપવામાં આવશે. નેત્રયજ્ઞ અંતર્ગત મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલમાં લઈ જઈ ફેકો મશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકવામાં આવશે. દંતયજ્ઞમાં દાંતના તમામ રોગોની સારવાર, જેમ કે દાંત કાઢવા, ચાંદી પૂરવી વગેરે વિનામૂલ્યે કરવામાં આવશે. સર્વરોગ કેમ્પમાં શ્વાસ, હરસ, મસા, ડાયાબિટીસ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર અને દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે. સંસ્થાના વડા રતિદાદાએ એક નિવેદનમાં જણાવ્યું કે, "આ કેમ્પનો લાભ ચલાલા અને આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં લે તેવી અમારી અપીલ છે. દર મહિનાના બીજા બુધવારે આવા કેમ્પનું આયોજન કરાય છે.

# ધારીના વેકરીયાપરામાં અપહરણની ફરિયાદ મુદ્દે ગાળો આપી જાનથી મારવાની ધમકી

ધારી, તા.૦૪

ધારીના વેકરીયાપરામાં એક વર્ષ પહેલા નોંધાયેલી અપહરણની ફરિયાદ મુદ્દે બે પક્ષોમાં બબાલ થઈ હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. કનુભાઈ ઘુસાભાઈ ગુજરવાડીયાએ અરવિંદભાઈ હરેશભાઈ રાણાવડીયા, શૈલેષભાઈ હરેશભાઈ રાણાવડીયા, ભાવેશભાઈ મધુભાઈ રાણાવડીયા, રણજીતભાઈ મંગળુભાઈ બારૈયા તથા હરેશભાઈ લીંબાભાઈ રાણાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરીના અપહરણની ફરિયાદ એકાદ વર્ષ પહેલા નોંધાઈ હતી. જેથી તેમના સાક્ષી અજયભાઈ ધનજીભાઈ રાણાવડીયાને ગાળો આપી હતી. જે બાબતનો ઠપકો આપતા આરોપીઓને સારૂ નહોતું લાગ્યું. પાંચેય જણાએ એક સંપ કરી હથિયાર ધારણ કરી ચંદુભાઈના માથાના ભાગે મારી બે ટાંકા આવે તેવી ઈજા કરી હતી. ઉપરાંત લોખંડના પાઈપ વડે હીરેનને આડેધડ માર માર્યો હતો. તેમજ લાકડીનો એક ઘા તેમના બાપુજીને મારી માથાના ભાગે ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ શૈલેષભાઈ હરેશભાઈ રાણાવડીયા (ઉ.વ.૨૬) એ કનુભાઈ ઘુઘાભાઈ ગુજરવાડીયા, ચંદુભાઈ ઘુઘાભાઈ ગુજરવાડીયા, હીતેષભાઈ ચંદુભાઈ ગુજરવાડીયા, રાજુભાઈ ચંદુભાઈ ગુજરવાડીયા, વિક્રમભાઈ મનસુખભાઈ રાણાવડીયા, અજયભાઈ ધનજીભાઈ રાણાવડીયા, ઘુઘાભાઈ ગુજરવાડીયા તથા હીરેનભાઈ કનુભાઈ ગુજરવાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે,આરોપી તેમના ઘર પાસેથી ટુ વ્હીલ ગાડી લઈને નીકળ્યા હતા. સાહેદ અરવિંદભાઈએ અજયને ગાડી ધીમે ચલાવવા ઠપકો આપ્યો હતો. જેથી અજયને સારૂ નહીં લાગતા સાહેદ અરવિંદભાઈ સાથે માથાકૂટ કરી હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી પ્રાણઘાતક હથિયારો ધારણ કરી આવી લોખંડના પાઈપ વડે માથાના ભાગે આશરે સાતેક ટાકા આવે તેવી ઈજા કરી હતી.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૫૯ /૨૦૨૪

અરજદાર :- શ્રી ભીખાભાઈ ઉનડભાઈ વાઘ,
સરનામું:- રહે.રામપરા નં-૨, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી,
રામપરા નં.-૨, તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના રામપરા નં.-૨ ગામના શ્રી ભીખાભાઈ ઉનડભાઈ વાઘ એ તેમની પોતાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૮** ના રોજ રામપરા નં.-૨ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી જયસુખભાઈ કે. મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

તંત્રી લેખ

# શિક્ષક દિવસની ઉજવણી

આપણે શિક્ષકને દીન કરી મજબૂર કરી દીધો અને પછી વર્ષમાં એક વાર શિક્ષક દિન ઉજવીએ છીએ. આપણે ત્યાં ફાઈવ સ્ટાર સ્કૂલ કોલેજો છે. હાઈ ટેકનોલોજી છે. પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો અને તેના વાલીઓ ભયાનક રીતે મજબૂર બની રહ્યા છે. કારણ કે આપણી આખી સિસ્ટમ વિદ્યાર્થી અને વાલી પર વધુને વધુ બોજો મૂકી રહી છે અને સરકાર ભાર વિનાના ભણતરના ગાણા ગાય છે. અમુક શિક્ષકોને માની ન શકાય જેટલો ઊંચો પગાર મળે છે પરંતુ બીજી બાજુ ગરીબ ને લાચાર શિક્ષકો મામુલી રકમમાં ઘર ચલાવવા મજબૂર બન્યા છે. વરસમાં એક વખત આપણે શિક્ષક દિન ઉજવી અને તેના ગુણ ગાન ગાતા થાકતા નથી. પરંતુ એજ્યુકેશન સિસ્ટમમાં વિદ્યાર્થી, તેના વાલી અને શિક્ષક બિચારા બનીને રહી ગયા છે. આજે વધુ મહત્વ એજ્યુકેશન બિઝનેસના વધુ વિકાસ માટે આપવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ ધનદોલતના ઢગલા કરવા સિવાય બીજો કશો જ નથી હોતો. આપણે શિક્ષકને વિદ્યાર્થીને તથા તેના વાલીઓને દીન એટલે કે ગરીબ અને લાચાર કરીને પછી એક દિવસ શિક્ષક દિવસ તરીકે ઉજવીએ છીએ. તેથી આપણે વિશ્વમાં પાખંડ કરવામાં સૌથી આગળ છીએ. બીજી બાજુ જાપાનમાં શિક્ષકને જે માન સન્માન મળે છે તે એક દિવસ પૂરતું નથી ૩૬૫ દિવસ એ લોકો શિક્ષક દિન ઉજવે છે અને એ પણ શિક્ષકને માની ન શકાય તેટલું સન્માન આપીને ઉજવે છે. જાપાનના પ્રવાસે જઈને આવેલા એક મિત્રનો અનુભવ અનોખો છે. તેના એક શિક્ષક મિત્ર યામામોટાને પૂછ્યું કે જાપાનમાં કોઈ શિક્ષક દિન કેમ ઉજવવામાં આવતો જ નથી. "જે દેશ અર્થતંત્ર, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આટલો આગળ છે, તે શિક્ષકો અને તેમના કામ પ્રત્યે આટલો અનાદર કેમ કરે છે?'' તો આના જવાબમાં જાપાનીઝ મિત્ર કહે છે કે જાપાનની મેટ્રો ટ્રેનમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ ઉંમરનો હોય તેના ડ્રેસ પર જો શિક્ષકનો ટેગ લાગેલો હોય તો તેને તમામ લોકો આદરપૂર્વક બેસવાની સીટ આપે છે તેનું સન્માન કરે છે. આખી ટ્રેન ભરચક હોય તો પણ શિક્ષકને પોતાની સીટ ઓફર કરવાવાળા અનેક લોકો પોતાની સીટ પર ઊભા થાય છે. શિક્ષકને સલામ કરીને આનંદ અનુભવે છે. અહીં માત્ર યુવાનો જ શિક્ષકને સન્માન આપે છે એવું નથી અહીં ઉંમરલાયક વયોવૃદ્ધ નાગરિકો પણ યુવાન શિક્ષકને પોતાની સીટ ઓફર કરી અને આનંદ અનુભવે છે તે કહે છે કે આજે હું જીવનમાં આગળ છું સુખી છું તો તેનો પ્રતાપ મારા શિક્ષકો છે મારા ગુરુજનો છે આપણે ગુરુપૂર્ણિમા દર વર્ષે ઉજવીએ છીએ પરંતુ આજે ઘણા ગુરુજનો એવા છે જે ઘરના ખૂણે આંસુ સારી બેસી રહે છે કારણ કે તે કોઈની સામે હાથ લાંબો કરી શકે તેમ નથી. આપણા દેશમાં ગરીબ લેખકોની તથા કલાકારોની કમી નથી. માત્ર સન્માન કે મેડલથી પેટ ભરાતું નથી તેની આર્થિક સ્થિતિ નબળી હોય તો તેને માટે આર્થિક મદદ કરવી વધુ યોગ્ય ગણાશે. જાપાનમાં, શિક્ષણ એ સૌથી આદરણીય વ્યવસાય છે. અને શિક્ષક સૌથી આદરણીય વ્યક્તિ છે. જ્યારે શિક્ષકો તેમની દુકાને આવે છે ત્યારે જાપાની વેપારીઓ ખૂબ જ ખુશ થાય છે, તેઓ આ ઘટનાને પોતાનું સન્માન માને છે. જાપાનમાં તેમના માટે મેટ્રોમાં ખાસ બેઠકો ફાળવવામાં આવી છે, તેમના માટે ખાસ દુકાનો છે. ખાસ શિક્ષક દિવસની જરૂર નથી, જ્યારે તેમના જીવનમાં દરેક દિવસ શિક્ષક દિવસની જ ઉજવણી હોય છે. કારણકે તે ઈશ્વરની સમકક્ષ છે.

# સેન્દ્રીય ખાતર વિરુદ્ધ મલ્ટીનેશનલ કંપનીઓનું કાવતરું





પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આપણા દેશમાં સજીવ ખેતીને ઉત્તેજના આપવામાં આવેલી છે. તેનાથી અનેક ફાયદા થાય છે. અને ગાય આધારિત ખેતીનો ખર્ચો પણ ઓછો થાય છે. બીજી બાજુ રસાયણિક ખાતરના ખર્ચા ખૂબ મોટા છે એની સામે સેન્દ્રીય ખાતર તથા સિવેજ ખાતરનો ઉપયોગ ભારત જેવા દેશોમાં વધી રહ્યો છે. આની સામે મલ્ટીનેશનલ કંપનીઓએ અમેરિકન મીડિયામાં પ્રચાર શરૂ કર્યો છે કે સેન્દ્રીય ખાતર તથા સિવેજ ખાતરથી કેન્સર જેવી બીમારીઓ થાય છે ૭ કરોડ એકર જમીનમાં આવા ખાતરના ઉપયોગથી અમેરિકાની જમીન ખરાબ થઈ ગઈ છે. આ એક મોટું ષડયંત્ર છે. આ વિશે અમેરિકાના અગ્રણી અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સમાં એક રિપોર્ટ છપાયેલો તેના કહેવા મુજબ સેન્દ્રીય ખાતર અને સિવેજ ખાતરથી પ્રદુષણથી બીમારી ફેલાય છે. આ એક ષડયંત્ર છે મલ્ટીનેશનલ કંપનીઓ તથા પેસ્ટીસાઇડ બનાવતી કંપનીઓને સેન્દ્રીય ખાતર સામે વાંધો હોય તેવું લાગે છે. હવે આપણે જોઈએ કે અમેરિકાની કંપની આ બાબતમાં શું કહે છે. અમેરિકન કંપનીએ એક દાયકાથી ખેડૂતોને શહેરોમાં સિવેજ પાણીનો ખાતર તરીકે ઉપયોગ કરવા માટે પ્રેરિત કર્યા હતા. સેન્દ્રીય ખાતર માટે તેમને સગવડતા પણ આપી હતી તે પાક માટે પોષક તત્વોથી ભરપૂર હોવાનું જણાયું પરંતુ મલ્ટીનેશનલ કંપનીઓના રિસર્ચમાં જાણવા મળ્યું કે આવા ખાતરથી કારખાનાના સિવેજમાંથી હદ કરતાં વધુ કેમિકલ્સ હોય છે. અનેક રાજ્યોમાં ખેતરોમાં ઝેરી તત્ત્વોનું સ્તર હદ કરતાં વધુ થઈ ગયું. પશુના મૃત્યુ થવા અને બીમારી થવાની ઘટનાઓ પણ સામે આવી છે. પાકનું ઉત્પાદન - પ્રભાવિત થયું છે. ટેક્સાસ, મૈને, મિશિગન, ન્યૂયોર્ક અને ટેનેસી સહિત કેટલાક રાજ્યોમાં હજારો એકર જમીન સિવેજના પાણીથી પ્રદૂષિત થઈ ગઈ છે. ખાતર તરીકે ઉપયોગમાં લેવાતો સિવેજ સ્લજ, પાણી અને સિવેજ સ્વચ્છ કરવાના પ્લાન્ટ્સમાંથી નીકળે છે. આ સ્લજમાં પીએફએએસ કેમિકલ હોય છે. અમેરિકાની પર્યાવરણ સુરક્ષા એજન્સી ઈપીએ પર દાખલ કરાયેલા કેસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેને પીએફએએસ નામના કેમિકલ પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળતા મળી છે એના પોતાના સંશોધન સંશોધકોએ જ સ્લજમાં કેમિકલનું વધુ સ્તર વધુ છે. એજન્સીના તાજેતરના બાયોસોલેજ સર્વેમાં દરેક જગ્યાએ પીએફએ એસ કેમિકલ જોવા મળ્યું છે. જે બીમારી ફેલાવે છે. આનાથી સાત કરોડ એકર જમીન પ્રદૂષિત થઈ ગઈ છે. અમેરિકામાં કેટલા સ્લજ ખાતરનો ઉપયોગ થઈ રહ્યો છે. તે જાણવું અઘરું છે. ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રીનું કહેવું છે કે, ૨૦૧૮માં ખેતીની ૪૬ લાખ એકર જમીનમાં ૨૦ લાખ ટન સૂકા સિવેજ સ્લજનો ઉપયોગ કરાયો હતો. ત્યાર પછીના આંકડા ઉપલબ્ધ નથી. ઈન્ડસ્ટ્રીનું અનુમાન છે કે, ખેડૂતોએ લગભગ ૭ કરોડ એકર જમીનમાં સિવેજ સ્લજનો ઉપયોગ કરવાની પરમિટ લીધી છે. સિવેજ સ્લજ જમીન સમતળ કરવા, ગોલ્ફ કોર્સ, જંગલો અને જૂની ખાણોને પૂરવા પણ ઉપયોગમાં લેવાય છે. વિજ્ઞાનીઓનું કહેવું છે કે, સિવેજ સ્લજ ખાતરમાં છોડ માટે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા તત્વો હોય છે. આપણા દેશમાં પ્રાચીનકાળથી ગાયના છાણમાંથી બનાવેલું ઈન્દ્રિય ખાતર વપરાય છે. આ ઉપરાંત ગટરના પાણીમાંથી પણ પોષક તત્વો ખેંચીને તેમાંથી ખાતર બનાવવામાં આવે છે.આવા સેન્દ્રીય ખાતરથી ભારતમાં હજુ સુધી કોઈ જમીન પ્રદુષિત થઈ નથી. આ એક ઈન્ટરનેશનલ કાવતરું હોય તેવું લાગે છે. કારણ કે સેન્દ્રીય ખાતરના વધારે પડતા ઉપયોગથી તેની ઉપયોગીતા ખૂબ વધી ગઈ છે. આની અસર મલ્ટીનેશન કંપનીઓને થતા તેને આવા રિપોર્ટ અમેરિકામાં પ્રસિદ્ધ કરાવ્યા છે. પરંતુ હજારો વર્ષના આપણા ખેડૂતો સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરે છે. હજારો વર્ષથી આપણા ખેડૂતો સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરે છે પરંતુ હજુ સુધી કોઈ જમીન થઈ હોય કે કોઈને કેન્સર જેવી બીમારી થઈ હોય તેવું જાણવા મળ્યું નથી. તેમજ કોઈ એવી જમીન પ્રદુષિત થઈ નથી. થવાની નથી તેમ જ કોઈ ખેતરમાં જમીન પ્રદુષિત થયું હોય તેવું બન્યું નથી.અનેક વિજ્ઞાનીઓનો દાવો છે કે સેન્દ્રીય ખાતર તક સિવેજ ખાતરના ફાયદા છે.ગામડામાં એગ્રીકલ્ચર વેસ્ટનો ઉપયોગ સેન્દ્રીય ખાતર બનાવવામાં થાય છે. જેમાં ખેતી કામમાં કાપણી થઈ ગયા પછી જે અવશેષ વધે છે તેનો ખાતર બનાવવામાં ઉપયોગ થાય છે આ ઉપરાંત ગાય બળદના છાણ અને ગૌમુત્રનો પણ ઉપયોગ ખાતર બનાવવામાં થાય છે. છાણમાંથી બાયોગેસ પણ બનાવવામાં આવે છે. હવે આધુનિક ટેકનોલોજીથી જ આ બાયોગેસને કોમ્પ્રેસ કરીને આપવામાં આવે છ. આમ ગાયની ખેતીને ઉત્તેજના આપવા માટે સરકાર અને ખેડૂતો પ્રયાસ કરી રહ્યા છે. સજીવ ખેતીને અપનાવીને ભાવનગર અમરેલી સહિતના મોટાભાગના જિલ્લાના ખેડૂતોએ સારો નફો મળ્યો છે. જ્યારે વિલાયતી ખાતર અને ઝેરી પેસ્ટીસાઈડના ઉપયોગથી જમીન ખરાબ થાય છે. જળ ખરાબ થાય છે. અને આવું અનાજ તથા શાકભાજી અને ફળો માં પણ પેસ્ટીસાઈડ સૂક્ષ્મ ભાગ આવી જતા માનવીને કેન્સર ટીબી સહિતના અનેક અસાધ્ય રોગો થાય છે. મલ્ટીનેશન કંપનીને આ વસ્તુ આંખના કણાની જેમ ખૂંચે છે કારણ કે તેને પોતાના સ્વાર્થ માટે આવા બધા સંશોધનને નામે ડિંડક ચલાવે છે અને તેનો પ્રચાર કરે છે જીએમ મોડીફાઈનું બિયારણ તેણે ભારતના ખેડૂતોને મોંઘા ભાવે વેચવું છે. આની સામે ભારતના ખેડૂતો અને કૃષિ સંશોધન સંસ્થાઓએ સેન્દ્રીય ખાતર શિવેજ ખાતર તથા લીમડાના તથા અન્ય વનસ્પતિના ઉપયોગથી તૈયાર કરેલું દેશી જંતુનાશક ખૂબ જ પ્રભાવશાળી છે. અને તેનાથી ખેડૂતોને સારો ફાયદો પણ છે. પણ આ વસ્તુ મલ્ટીનેશનલ કંપનીઓને ગમતી નથી. આથી તેને અમેરિકન અખબારોમાં પ્રચાર શરૂ કરી દીધો છે. કે સેન્દ્રીય ખાતર પર્યાવરણને અને માનવ આરોગ્યને નુકસાન કરે છે. પરંતુ આની સામે આપણા દેશના ખેડૂતોને બુદ્ધિજીવીઓ બરોબર જાણે છે કે હજારો વર્ષથી આપણા દેશમાં છાણીયા ખાતરનો ઉપયોગ થઈ રહ્યો છે. તેનાથી કોઈ રોગચાળો ફેલાણો હોય કે પ્રદૂષણ ફેલાનું હોય તેવું આજ સુધી બન્યું નથી. પરંતુ કેમિકલ ખાતર અને ઝેરી જંતુનાશકોથી કેટલું નુકસાન થાય છે. તે આપણે બરોબર જાણીએ છીએ આથી આપણે સ્વદેશી ખેતી અપનાવી રહ્યા છીએ. ગો આધારિત અર્થતંત્રને વિકસિત કરવામાં આવી રહ્યું છે. ગાયનું મહત્વ દિવસે વધતું જાય છે. એનિમલ પાવરથી પાવર જનરેટ કરવાના પ્રયાસો પણ ભાવનગરની સેન્ટ્રલ અને સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં ચાલી રહ્યા છે. એનિમલ પાવરથી ખારા પાણીને મીઠા બનાવવાના પ્રોજેક્ટ પણ સફળતાપૂર્વક સંશોધિત થઈ રહ્યા છે. ગુજરાતની ગૌશાળાઓને આધુનિક ગૌ ધામ બનાવવાના પ્રયોગો અમરેલી જિલ્લાના એક ગામે જાણીતા ગૌવ સેવક વિનુભાઈ ગાંધી દ્વારા થઈ રહ્યા છે જેનાથી ગાયનું મહત્વ દિવસે વધતું જાય છે તેના છાણીયા ખાતરથી કેટલા ફાયદા થાય છે તેની વિસ્તૃત માહિતી તેઓ પૂરી પાડે છે આમ ગાય આધારિત ખેતી સેન્દ્રીય ખાતર અને સજીવ ખેતીથી ખૂબ મોટા ફાયદા થાય છે પરંતુ અમેરિકન કંપનીઓને આ વસ્તુ ગમતી ન હોવાથી તેને વિરોધી પ્રચાર શરૂ કર્યો છે. પરંતુ આપણા ખેડૂતો ગાય માતાની સેવાને બરાબર જાણે છે. ટ્રેક્ટરને બદલે બળદથી ખેતી હવે કરવામાં આવી રહી છે. છાણીયા ખાતરનો ઉપયોગ પણ વધતો જાય છે. આમ આપણા દેશમાં મલ્ટીનેશનલ કંપનીઓની અવળી નીતિને કોઈ ગણકારવાનું નથી. સ્વદેશી ખેતી થકી રાષ્ટ્ર સમૃદ્ધ બનશે તે નક્કી છે.

**સેન્દ્રીય ખાતર સામે મલ્ટીનેશનલ કંપનીઓએ આધુનિક વિજ્ઞાનના રિસર્ચના ઉપયોગથી કાવતરું કર્યું છે અને સેન્દ્રીય ખાતર તેમજ ગૌ આધારિત ખેતીને તોડી પાડવાનો એક પ્રયાસ કર્યો છે.જેની સામે ખેડૂતોએ જાગૃતિ બતાવવાની જરૂર છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૬૦ | ૧૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૪ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૫૪ |
| જુવાર લાલ | ૭૫૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૧૦ |
| તુવેર | ૧૫૭૦ | ૨૨૬૦ |
| ચણા પીળા | ૧૩૫૦ | ૧૪૮૭ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૮૪૭ |
| અડદ | ૧૬૯૬ | ૧૮૭૧ |
| મગ | ૧૨૨૫ | ૧૬૬૧ |
| ચોળી | ૨૭૦૦ | ૨૯૯૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૭૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૨૭૩ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૨૫ |
| એરંડા | ૧૧૧૮ | ૧૧૯૧ |
| સોયાબીન | ૮૪૧ | ૯૦૫ |
| સીંગફાડા | ૯૨૫ | ૧૨૮૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૪૫૦ |
| લસણ | ૩૫૧૧ | ૫૮૭૦ |
| ધાણા | ૧૧૯૦ | ૧૪૧૧ |
| ધાણી | ૧૨૦૦ | ૧૫૭૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૯૦૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૬૭ |
| મેથી | ૯૫૦ | ૧૩૧૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૩૯૨૦ | ૪૮૩૫ |
| ગુવારનું બી | ૧૦૨૦ | ૧૦૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૮૦૦ | ૧૯૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૨૧ |
| ડુંગળીસુકી | ૩૦૦ | ૯૦૦ |
| ટમેટા | ૩૩૦ | ૬૦૦ |
| સુરણ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦૦ | ૩૫૦૦ |
| મુળા | ૩૭૦ | ૬૨૦ |
| રીંગણા | ૪૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૮૫૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૭૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૭૦ | ૪૬૦ |
| મેથી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૯૫૦ |
| આદુ | ૯૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૫૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૮૫ | ૧૨૪૦ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૭૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૩૫૭ |
| તલ કાશ્મીરી | ૩૦૫૦ | ૩૨૦૧ |
| બાજરો | ૪૨૨ | ૫૧૬ |
| જુવાર | ૩૭૨ | ૮૧૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૫ |
| ઘઉં લોકવન | ૫૦૭ | ૬૦૫ |
| મગ | ૧૫૯૭ | ૧૬૦૧ |
| અડદ | ૧૮૯૫ | ૧૮૯૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૪૯ |
| કપાસ | ૮૪૫ | ૧૬૮૪ |
| તુવેર | ૧૩૦૫ | ૧૫૯૦ |
| કપાસ | ૮૪૫ | ૧૬૮૪ |
| એરંડા | ૯૬૨ | ૧૦૭૫ |
| જીરું | ૨૬૦૦ | ૪૪૬૦ |
| ધાણા | ૯૦૦ | ૧૨૪૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૩૮ |
| સોયાબીન | ૭૪૫ | ૮૪૯ |
| મરચા લાંબા | ૬૫૦ | ૭૭૫ |
| વરીયાળી | ૧૦૯૦ | ૧૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૮૧ | - |
| શીંગ મોટી | ૧૦૭૧ | ૧૧૫૧ |
| શીંગ દાણા | ૧૨૫૧ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૮૧ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૮૧ |
| કપાસ | ૧૧૫૦ | ૧૬૪૩ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૮૯ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૦૦ |
| બાજરો | ૪૩૦ | ૫૫૨ |
| જુવાર | ૫૦૦ | ૮૧૭ |
| મગ | ૧૨૪૬ | ૧૪૩૬ |
| અડદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૮૯૦ |
| ધાણા | ૧૨૪૩ | |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૩૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૭૨ |
| સોયાબીન | ૭૫૦ | ૮૩૭ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૪૯ | ૧૬૮૧ |
| મગ | ૧૪૧૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૪૦૪૫ | ૪૬૪૫ |
| ઘઉં | ૪૮૯ | ૫૬૧ |
| ચણા | ૧૩૮૯ | ૧૪૭૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૩૬૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૬૩ |
| ચણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મગ | ૧૦૦૦ | ૧૩૧૩ |
| તલ | ૨૦૦૦ | ૨૩૧૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૨ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૨૩ | ૨૬૨૮ |
| કપાસ | ૧૩૫૧ | ૧૬૧ |
| બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૬૫ |
| જુવાર | ૪૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| એરંડી | ૧૧૩૮ | ૧૧૩૮ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૫૦૭ | ૫૦૭ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૨૧ | ૧૨૯૧ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૮ |
| ચણા | ૧૨૭૬ | ૧૨૭૬ |
| જુવાર સફેદ | ૮૧૩ | ૭૫૯ |
| એરંડા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૫૧ | ૨૯૫૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૩૪૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૫ |
| ધાણા | ૯૦૦ | ૧૨૦૩ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૧૯ | ૫૦૩ |
| મેથી | ૮૪૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૧૨ |
| સીગફાડા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |
| મગ | ૧૧૦૫ | ૧૫૪૦ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૦૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ચોળી | ૧૪૫૫ | ૧૫૨૫ |
| **મહુવા** | | |
| શીંગ-નવી | ૧૦૫૧ | ૧૩૭૮ |
| શીંગ નં ૩૯ | ૯૬૦ | ૧૨૭૬ |
| શીંગ જી-૨૦ | ૯૬૫ | ૧૨૬૫ |
| એરંડા | ૫૦૦ | ૧૦૯૧ |
| જુવાર | ૩૮૦ | ૮૬૮ |
| બાજરી | ૩૪૬ | ૪૫૭ |
| ઘઉં ટુકડા | ૩૦૪ | ૬૪૪ |
| અડદ | ૧૬૯૦ | ૨૨૩૨ |
| મગ | ૭૨૦ | ૧૬૨૨ |
| સોયાબીન | ૬૨૬ | ૮૧૬ |
| વરીયાળી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ચણા | ૯૩૨ | ૧૩૧૯ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૯૬૮ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૨૮૦ |
| તુવેર | ૭૦૦ | ૨૧૨૫ |
| રાજગરો | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૨ | ૪૬૫ |
| ડુંગળી સફેદ | ૨૬૦ | ૩૩૬ |
| કપાસ | ૯૦૦ | ૧૩૬૫ |
| નાળીયેર | ૩૮૦ | ૧૮૪૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૪૦ | ૧૨૭૧ |
| બાજરી | ૪૮૦ | ૫૨૭ |
| ઘઉં | ૫૫૦ | ૬૧૯ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૫૨૮ |
| કાળા તલ | ૨૮૭૦ | ૩૩૮૪ |
| સોયાબીન | ૮૫૦ | ૮૯૪ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૨૪૬૫ |
| જુવાર | ૬૦૦ | ૮૪૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૯૭૦ |
| મગ | ૧૧૫૦ | ૧૯૨૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૧૮ |
| રજકો | ૪૦૦૦ | ૫૧૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૭૦ | ૫૫૦ |
| રીંગણાં | ૪૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૩૫૦ | ૪૨૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૪૫૦ | ૫૫૦ |
| કરેલા | ૫૦૦ | ૪૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ચોળાલીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૫૩૦ | ૬૦૦ |
| આદુ | ૮૫૦ | ૯૦૦ |
| કોથમીર | ૨૫૦૦ | ૩૦૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| ગરમર | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૬૫૦ |
| લસણ સૂકું | ૩૦૦૦ | ૪૦૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૧૯૫૦ |
| પાલક | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૫૧ | ૧૬૬૧ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૬૨ |
| મગફળી જીણી | ૮૭૧ | ૧૨૫૬ |
| સિંગદાણા જાડા | ૧૧૦૧ | ૧૬૨૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૨૩૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૧૮૬ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૮૮૧ |
| ક્લોંજી | ૧૩૦૧ | ૩૦૦૦ |
| વરીયાળી | ૬૫૧ | ૧૨૭૬ |
| ધાણા | ૮૦૦ | ૧૬૧૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૭૯૧ |
| તુવેર | ૧૦૦૧ | ૨૧૬૧ |
| રાયડો | ૮૦૧ | ૮૦૧ |
| રાય | ૧૨૩૧ | ૧૨૪૧ |
| મેથી | ૯૫૧ | ૧૨૨૬ |
| કાંગ | ૧૦૫૧ | ૧૧૮૧ |
| કાળીજીરી | ૨૩૫૧ | ૨૩૫૧ |
| સુરજમુખી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ગુવાર બી | ૮૨૬ | ૮૨૬ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૯૬ |
| સફેદ ચણા | ૧૪૭૬ | ૨૮૯૧ |
| મગફળી નવી | ૭૦૦ | ૧૧૭૫ |
| તલ – તલી | ૧૭૦૦ | ૨૫૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૬૧ |
| બાજરો | ૩૭૧ | ૪૭૧ |
| જુવાર | ૪૦૦ | ૮૫૧ |
| મકાઇ | ૪૦૦ | ૫૩૧ |
| મગ | ૧૧૨૧ | ૧૬૬૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૮૧ |
| વાલ | ૫૩૧ | ૧૯૫૧ |
| વાલ પાપડી | ૧૦૦૧ | ૧૯૫૧ |
| ચોળા / ચોળી | ૨૧૦૧ | ૨૧૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૬ |
| અજમાં | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ગોગળી | ૫૭૬ | ૯૪૧ |
| વટાણા | ૭૦૧ | ૧૩૫૧ |

## શબ્દ સંજોગ-૧૮૬૩



**આડી ચાવી :**
(૧) એક ગુજરાતી માસ (૩)
(૩) મરે નહી એવુ (૩)
(૬) અંધકાર, અજ્ઞાન (૩)
(૭) મોળુ, નરમ (૩)
(૮) સ્વાસ્થ્ય, હેલ્થ (આ-અ) (૩)
(૧૦) વિષય, મુદો (૩)
(૧૧) ભરડકું, કાંજી (૨)
(૧૨) સામ.....દંડ ને ભેદ (૨)
(૧૩) ભય વગરનું (૩)
(૧૫) એક જાતનુ રેશમી કાપડ (૪)
(૧૭) બાળકોને થતો એક રોગ (૩)
(૧૯) સિંહની ગર્જના (૩)
(૨૦) સંકેત, ઈશારો (૨)
(૨૧) વડીલોને.....આપવું જોઈએ. (૨)
(૨૨) બાતલ, કમ (૨)
(૨૩) ઝાડની ત્વચા (૨)
(૨૪) સીતાજીના પિતાજી (૩)
(૨૬) માળનો બહાર પડતો ભાગ (૩)
(૨૭) ઝડપ (૨)

**ઉભી ચાવી :**
(૧) સંસાર ઉપરની આસક્તિનો અભાવ (૩)
(૨) જોખમ, ભય (૩)
(૩) સરસામાન (૪)
(૪) ખેલ, ક્રિડા (૩)
(૫) દેશ-વિદેશ (૬)
(૯) શરૂઆત, તૈયારી (૩)
(૧૨) ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
(૧૩) કામદેવ, ચંદ્ર(૨)
(૧૪) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૬) ઘાસ, કડબ (૨)
(૧૮) ધાંધલ, ધમાચકડી (૩)
(૨૦) આદર સહિત (૩)
(૨૩) દૂધમાંથી બનતી એક બનાવટ (૨)
(૨૪) સાંપની કાંચળી (૨)
(૨૫) કવિતા રચનાર (૨)

## શબ્દ સંજોગ-૧૮૬૨ જવાબ

**આડી ચાવી :** (૧) આરંભ (૩) પાપી (૪) દયા (૬) રાગ (૭) શ્વાન (૮) દરદ (૯) ધરુ (૧૧) જીવ (૧૨) નાટક (૧૪) પાદ (૧૫) લાક્ષણિક (૧૬) હોલો (૧૮) સાવધ (૨૦) વકીલ (૨૧) મધર (૨૨) હરખ (૨૩) જાણ (૨૫) દશાનન (૨૬) યોગમાયા.

**ઉભી ચાવી:** (૧) આરાધના (૨) રંગરુટ (૩) પાન (૪) દરજી (૫) યાદવ (૭) શ્વાસ (૧૦) મોદક (૧૩) કલાધર (૧૪) પાણિગ્રહણ (૧૬) હોકી (૧૭) લોલક (૧૮) સામવેદ (૧૯) વધ (૨૦) વખ (૨૩)જાન (૨૪) વામા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કુપોષણ નિવારવા માટે રાજય સરકાર દ્વારા સક્રિય પ્રયાસો

**કૃપોષણ સામે રાજય સરકાર નિયમિતપણે સમીક્ષા કરી રહી છે**

ગાંધીનગર,તા.૦૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાં પ્રતિવર્ષ સપ્ટેમ્બર માસને પોષણ માહ તરીકે ઉજવવામાં આવે છે જેમાં વિવિધ પોષણલક્ષી કાર્યક્રમો દેશભરમાં યોજાઈ રહ્યાં છે.

તાજેતરમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અન્નપૂર્ણા દેવીએ પોષણ માહ ૨૦૨૪નો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો છે. રાજ્યના મહિલા બાળકલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા માટે નોંધપાત્ર પ્રયાસો અને પહેલો હાથ ધરવામાં આવી છે. રાજય સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવા અને કુપોષણ ઘટાડવાના હેતુથી અનેકવિધ





નવતર પહેલો હાથ ધરી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારી એમ બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકાર દ્વારા સક્રીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ૨૦૨૧ માં શરૂ કરાયેલ પોષણ ટ્રેકર એપ્લિકેશન આંગણવાડી કેન્દ્રો અને પોષણ ટ્રેકરનું સ્ટેટ ડેશબોર્ડથી રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવે છે, જેનાથી વૃદ્ધિની દેખરેખ અને પૂરક પોષણ વિતરણનું નિરીક્ષણ કરવામાં આવે છે. પોષણ અભિયાન અંતર્ગત પોષણ સંબંધિત સૂચકાંકો પર ડેટા જનરેટ કરવા માટે કેન્દ્રીય પ્લેટફોર્મ પોષણ ટ્રેકરનો ઉપયોગ કરે છે. જેમાં ઓછું વજન, દૂબળાપણું અને ઠીંગણાપણું, પૂરક પોષણનું વિતરણ, ગૃહ મુલાકાતો અને સમુદાય આધારિત કાર્યક્રમોની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નિયમિતપણે સમીક્ષા કરવામાં આવે છે.

# લીલીયા ગ્રામપંચાયતને તાળાબંધીનાં અંતે માફી મંગાતા સુખદ સમાધાન

લીલીયા, તા.૦૪

લીલીયામાં ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગ્રામપંચાયતને તાળાબંધી કર્યા બાદ બન્ને પક્ષો વચ્ચે સમાધાન થતાં સુખદ અંત આવ્યો હતો. લીલીયા શહેરમાં ઘણાં સમયથી ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને લોકો રજૂઆત કરી રહ્યા છે. પરંતુ તેનો કોઈ ઉકેલ આવતો ન હોય ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગ્રામપંચાયતને તાળાબંધી કરવામાં આવી હતી. જેને



લઈને ગ્રામ પંચાયત અને ચેમ્બર ઓફ કોમર્સ સામસામે આવી ગયા હતાં અંતે સરપંચ તંત્ર અને પોલીસની હાજરીમાં ચેમ્બર ઓફ કોમર્સે માફી માંગી લેતા તાળાબંધીનો સુખદ અંત આવ્યો હતો અને આજે વેપારીઓ શાંતિમય રીતે ઉપવાસ પર બેસી ગટરના પ્રશ્ને રજૂઆત કરશે.

# રાજુલાની ટીજેબીએસ ગર્લ્સ હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો યુવક મહોત્સવ ઉજવાયો

રાજુલા, તા.૦૪

શ્રીમતી ટી જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાના યુવક મહોત્સવનું કાર્ય ખુબ જ સુંદરતા તથા સફળતા પૂર્વક પૂર્ણ થયું હતું. તાલુકા કક્ષાનાં યુવક મહોત્સવનાં કન્વીનર સીમાબહેન પંડ્યાના આયોજન હેઠળ સમગ્ર શાળા પરિવારના સાથ સહકારથી આ કાર્ય દીપી ઊઠ્યું હતું. મહેમાનોએ પણ શાળાની કાર્યશૈલી તથા સૌજન્ય પૂર્ણ વ્યવહારની નોંધ



તસ્વીર : ગોપાલ રાઠોડ

લીધી હતી. યુવક મહોત્સવમાં વિવિધ સમાજ ઉપયોગી કલાઓ ચિત્ર, સર્જનાત્મક, વક્તૃત્વ, નિબંધ, ગીત સંગીતની સ્પર્ધાઓનું આયોજન થયુ હતું. જેમાં વિવિધ ક્ષેત્રનાં વરિષ્ઠ તથા તટસ્થ નિર્ણાયકો દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો.

# પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાના ખબર અંતર પૂછતા રાજકીય, સામાજિક આગેવાનો



અમરેલી, તા.૦૪

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ ઘૂંટણની સર્જરી કરાવેલ હોય રાજકીય, સામાજીક આગેવાનોએ તેમના ખબરઅંતર પૂછી તેઓ જલ્દીથી સાજા થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધોકડવા ગામે તૈયાર થયેલી બે નવી આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું

ગીર ગઢડા, તા.૦૪

ગીર ગઢડાના ધોકડવા ગામે તૈયાર થયેલી બે નવી આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલેટર દિગ્વિજય સિંહ જાડેજા, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મૂછાળ, તા. પં. પ્રમુખ ભગવતીબેન સાંખટ, ઉપ પ્રમુખ દીવાળીબેન કિડેચા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિ.કા.ચેરમેન ડાયાભાઈ



તસવીર : કૈલેશ ભટ્ટ

જાલોન્દ્રા, સરપંચ રેખાબેન બાંભણિયા, ડેપ્યુટી કલેકટર, પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, પી.એસ. આઈ ચૌહાણ તેમજ જિલ્લાના દરેક વિભાગના અધિકારીઓ અને ગામ લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# નાના ભંડારિયા ગામમાં ઉપસરપંચની ચૂંટણી: જ્યોત્સનાબેન દેવાણી બિનહરીફ વિજેતા

**સરપંચ શ્રીમતી ભારતીબેન ત્રાપસિયાએ હાર્દિક અભિનંદન પાઠવ્યા**

અમરેલી, તા.૦૪

નાના ભંડારિયા ગામમાં ઉપસરપંચની ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી.તાલુકા વિતરણ અધિકારીએ ઉપસરપંચ પદ માટેના એકમાત્ર ઉમેદવાર શ્રીમતી જ્યોત્સનાબેન દેવાણીને સર્વાનુમતે બિનહરીફ વિજેતા



જાહેર કર્યા. ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી ભારતીબેન ત્રાપસિયાએ જ્યોત્સનાબેન દેવાણીને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને તેમની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ આપી. આ મહત્વપૂર્ણ બેઠકમાં ગ્રામ પંચાયતના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં કંચનબેન ત્રાપસીયા, વિપુલભાઈ ત્રાપસીયા, વિનુભાઈ બોદર, નરેશભાઈ ત્રાપસીયા, મનીષભાઈ માધડ, જયાબેન ગોપાલકા અને કૈલાશબેન માધડનો સમાવેશ થાય છે.

# લાઠીના દેરડી (જાનબાઈ) ગામે મહિલાને ગાળો આપી

**પાટુ મારી નીચે પછાડી મુંઢ ઈજા પણ કરી**

લાઠી, તા.૦૪

લાઠીના દેરડી (જાનબાઈ) ગામે એક મહિલાએ શું કરો છો આટલું તો રહેવા દો કહેતા આ બાબતનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત પાટુ મારી નીચે પછડી શરીરે મુંઢ ઈજા કરી હતી. બનાવ અંગે હંસાબેન રવજીભાઈ સોલંકી (ઉ.વ.૬૨)એ ધીરૂભાઈ જાગાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની દિકરીના ઘરે જતા હતા અને રસ્તામાં સામાવાળાના ઘર પાસે પહોંચતા ગામમાં આવેલી પ્રાથમિક શાળા પાસે સરદાર વલ્લભભાઈના પુતળા પાસે આવેલી જગ્યામાં કાંઈક બનાવવા માટે માપ લેતા હતા. જેથી તેમણે સામાવાળાને પૂછ્યું કે શુ કરો છો આટલું તો રહેવા દો. આ બાબતનું મનદુઃખ રાખી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, વાંસાના ભાગે ચાર ઢીકા મારી તથા ડાબા પગે પાટુ મારી નીચે પછાડી શરીરે મુંઢ ઈજાઓ કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૭૧ /૨૦૨૪

અરજદાર :- શ્રી ગીતાબેન લાલજીભાઈ ચૌહાણ,
સરનામું:- રહે.ચાંચ, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંચ
તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ગીતાબેન લાલજીભાઈ ચૌહાણ એ તેમના પુત્રી શ્રી જાગૃતિબેન લાલજીભાઈ ચૌહાણનો જન્મ તા.૦૨/૦૯/૨૦૨૨** ના રોજ ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી જયસુખભાઈ કે. મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**



**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૨૬/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. રંગાણી કરશનભાઈ શામજીભાઈ
રહે.મુ.ઘોબા, તા. સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ઘોબા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રી ગુલાબબેન કરશનભાઈ રંગાણીનો જન્મ તા.૨૪/૦૯/૧૯૯૧ ના રોજ મુ.ઘોબા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો, જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૬૨ /૨૦૨૪

અરજદાર :- શ્રી ભગવાનભાઈ પોપટભાઈ જીંજવાડીયા,
સરનામું:- રહે.રાજુલા, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા રાજુલા તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી ભગવાનભાઈ પોપટભાઈ જીંજવાડીયાએ તેમના ભાઈ શ્રી સવજીભાઈ પોપટભાઈ જીંજવાડીયાનો જન્મ તા.૩૦/૦૬/૧૯૯૦** ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી જયસુખભાઈ કે. મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૬૦ /૨૦૨૪

અરજદાર :- શ્રી જગાભાઈ બાવભાઈ ગોહિલ,
સરનામું:- રહે.કોટડી, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, કોટડી
તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના કોટડી ગામના શ્રી જગાભાઈ બાવભાઈ ગોહિલએ તેમના પુત્રી શ્રી પુનમબેન જગાભાઈ ગોહિલનો જન્મ તા.૨૨/૦૭/૨૦૧૦** ના રોજ કોટડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી જયસુખભાઈ કે. મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૪૯ /૨૦૨૪

અરજદાર :- શ્રી લખમણભાઈ બાવભાઈ પટાટ,
સરનામું:- રહે.હિંડોરણા, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, હિંડોરણા
તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના હિંડોરણા ગામના શ્રી લખમણભાઈ બાવભાઈ પટાટ એ તેમના પિતા સ્વ.શ્રી બાવભાઈ અમરાભાઈ પટાટ નું મરણ તા.૨૯/૦૯/૧૯૯૯** ના રોજ તથા તેમના **દાદી સ્વ. શ્રી જીવણીબેન અમરાભાઈ પટાટ નું મરણ તા. ૦૬/૦૭/૨૦૨૨** ના રોજ હિંડોરણા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી જયસુખભાઈ કે. મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**



**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી /અરજી નં.૧૫૮/૨૦૨૪

અરજદારશ્રી:- ....... મુંજપરા કનુભાઈ પ્રેમજીભાઈ,
રે. કૃષ્ણગઢ તા. સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી અભરામપરા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના **પુત્રી જયશ્રીબેન કનુભાઈ મુંજપરાનો જન્મ તા.૦૨/૦૭/૧૯૭૧** ના રોજ મુ.અભરામપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**



**///- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

**નં.મરણ/કેસ/રજી.નં. /૨૦૨૪**

પ્રતિ
શ્રી રામભાઈ બાલુભાઈ ચંડેરા
રહે. છારા, ગામ- છારા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એમ. ચંડેરા તથા વી.બી. સોસા રહે. કોડીનાર

**...અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, છારા, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ **....સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **છારા** ગામના રહીશ **શ્રી દેવાણંદભાઈ મેરામણભાઈ ચંડેરા તથા શ્રી સોનાબેન દેવાણંદભાઈ ચંડેરાનો પુત્ર શ્રી બાલુભાઈ દેવાણંદભાઈ ચંડેરા નું** મરણ તારીખ **તા.૦૧/૦૨/૨૦૧૮** ના રોજ કોડીનાર તાલુકાના **છારા** ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના છારા ગામના સને **૨૦૧૮** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**



**///- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

**નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૪**

પ્રતિ
શ્રી ભુપતભાઈ ગીગાભાઈ પરમાર
રહે. અરણેજ, ગામ- અરણેજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, વી.બી. સોસા રહે. કોડીનાર

**...અરજદાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, અરણેજ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ **....સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **અરણેજ** ગામના રહીશ **શ્રી ગીગાભાઈ ગોવિંદભાઈ પરમાર તથા શ્રી હંસાબેન ગીગાભાઈ પરમારનો પુત્ર શ્રી રવજીભાઈ ગીગાભાઈ પરમારનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦** ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની **જન્મ**ની નોંધ કોડીનાર તાલુકાના અરણેજ ગામના સને ૧૯૯૦ ના **જન્મ** રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી**
**(એન.જી.રાદડીયા)**
**તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**



**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૫૦/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. દુલાભાઈ વલ્લભભાઈ કાનાણી
રહે. પ્લોટનં.૧૯૭, પેલો માળ, રૂક્ષમણી પાર્ક, કઠોર, કામરેજ, સુરત-૩૯૪૧૫૦

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી વિરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દુલાભાઈ વલ્લભભાઈ કાનાણીનો જન્મ તા.૦૮/૧૧/૧૯૬૩ ના રોજ મુ.વિરડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# ચૂંટણી પહેલા જમ્મુ-કાશ્મીરને રાજયનો દરજ્જો પાછો મળવો જોઈએ : રાહુલ ગાંધી

(એ.આર.એલ),શ્રીનગર,તા.૪

જમ્મુ-કાશ્મીરમાં લગભગ ૧૦ વર્ષ બાદ ફરી એકવાર વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વાગ્યું છે. તમામ રાજકીય પક્ષો પોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે અને પોતાના ઉમેદવારોની જાહેરાત પણ કરી રહ્યા છે. તે જ સમયે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન પહેલા સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયા છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ



રાહુલ ગાંધીએ રામબનમાં રેલીને સંબોધતા કહ્યું કે અમારું પહેલું પગલું જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછું આપવાનું હશે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે તમને ચૂંટણી પહેલા રાજ્યનો દરજ્જો મળવો જોઈએ અને જમ્મુ-કાશ્મીરની રચના પછી ચૂંટણી થવી જોઈએ. પરંતુ ભાજપ આ ઈચ્છતી નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ ઈચ્છે છે કે પહેલા ચૂંટણી થાય અને પછી રાજ્યની વાત કરવામાં આવે. રાહુલે કહ્યું કે ભાજપ ઈચ્છે કે ન ઈચ્છે, ભારત ગઠબંધન તેમના પર દબાણ લાવશે અને જમ્મુ-કાશ્મીરના લોકોને રાજ્યનો દરજ્જો મળશે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ સાથે મળીને લડશે. બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી થઈ ગઈ છે. કુલ ૯૦ વિધાનસભા બેઠકોમાંથી નેશનલ કોન્ફરન્સ ૫૧ બેઠકો પર ચૂંટણી લડશે. કોંગ્રેસ ૩૨ બેઠકો પર લડશે, જ્યારે પાંચ બેઠકો પર મૈત્રીપૂર્ણ લડાઈ થશે. આ સિવાય સાથી પક્ષો સીપીઆઈએમ અને પેન્થર્સ માટે બે બેઠકો છોડી દેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે.

# બ્રુનેઈની રાજધાની બંદર સેરી બેગવાનથી ચેન્નાઈ વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ કરાશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

બ્રુનેઈની રાજધાની બંદર સેરી બેગવાન અને ભારતના ચેન્નાઈ વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ થશે. આ જાહેરાત વડાપ્રધાનની બ્રુનેઈની મુલાકાત દરમિયાન કરવામાં આવી છે. સીધી હવાઈ સેવાઓ ઉપરાંત, બંને દેશો સંરક્ષણ, અવકાશ અને લોકો વચ્ચેના સંબંધોના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા માટે પણ સંમત થયા છે. પીએમ



મોદીની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે થયેલા કરારોથી ભવિષ્યમાં દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થવાની અપેક્ષા છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત અને બ્રુનેઈએ ઉપગ્રહો અને પ્રક્ષેપણ વાહનો માટે ટેલીમેટ્રી, ટ્રેકિંગ અને ટેલિકોમન્ડ સ્ટેશનના સંચાલનમાં સહકાર માટે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદી અને બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલ્કિયાએ બુધવારે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બેઠક દરમિયાન દ્વિપક્ષીય સંબંધો સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. બંને નેતાઓએ બંદર સેરી બેગવાન અને ચેન્નાઈ વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ થવાનું પણ સ્વાગત કર્યું.

# મહારાષ્ટ્રમાં આગામી બે મહિનામાં ચૂંટણી યોજાય તેવી મુખ્યમંત્રી એકનાથ શિંદેને આશા

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ટૂંક સમયમાં યોજાય તેવી શક્યતા છે. રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મુંબઈમાં એક સભા દરમિયાન પોતાના ભાષણમાં આનો ઈશારો કર્યો હતો. દરેક રાજકીય પક્ષો આ વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ચાલતી ગડબડ બાદ મહાયુતિ અને **MVA** ગઠબંધન આ ચૂંટણીમાં પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરશે. તેઓ માત્ર ચૂંટણીની તારીખની જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.

મુંબઈમાં એક બેઠક દરમિયાન મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સંકેત આપ્યા છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં યોજાશે. શિંદેએ કહ્યું કે મહારાષ્ટ્રમાં આગામી બે મહિનામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે, આવી સ્થિતિમાં દરેકે મહાયુતિને સમર્થન અને પ્રેમ કરવો જોઈએ.

# અખિલેશ યાદવના નિવેદન પર યોગીનો પલટવાર, બુલડોઝર ચલાવવા માટે દિલ અને દિમાગ જરૂરી

લખનૌ,તા.૪

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે બુલડોઝરને લઈને સીએમ યોગી પર ટોણો માર્યો હતો, જે બાદ સીએમ યોગીએ અખિલેશ પર વળતો પ્રહાર કર્યો છે. સીએમ યોગીએ કહ્યું કે બુલડોઝર ચલાવવા માટે દિલ અને દિમાગ જરૂરી છે. બુલડોઝર દરેક વ્યક્તિના હાથમાં બેસી શકતું નથી. જેઓ તોફાનીઓ સામે નાક ઘસતા હતા



તેઓને બુલડોઝર સામે મારવામાં આવે છે.સીએમ યોગીએ કહ્યું કે આજે ટીપુ પણ સુલ્તાન બનવાના સપના જોઈ રહ્યો છે. આ લોકો મુંગેરીલાલના સુંદર સપના જુએ છે. તેણે યુવાનોનો વિશ્વાસ તોડ્યો.

અખિલેશ યાદવે કહ્યું હતું કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો સફાયો થઈ જશે અને તેના ચૂંટણી પરિણામોની અસર દેશની રાજનીતિ પર પડશે. તેમણે કહ્યું કે ભાજપ સરકારમાં નિર્દોષ લોકો પર અત્યાચાર થઈ રહ્યો છે. ખેડૂતો ચિંતિત છે. યુવાનોનું ભવિષ્ય અંધકારમય છે. સમાજનો દરેક વર્ગ પરેશાન અને દુઃખી છે. આ પછી અખિલેશે કહ્યું કે ૨૦૨૭માં સમાજવાદી સરકાર બનતાની સાથે જ સમગ્ર રાજ્યના બુલડોઝર ગોરખપુર તરફ આગળ વધશે. લખનૌના ડો. રામ મનોહર લોહિયા ઓડિટોરિયમમાં સપા કાર્યકર્તાઓને સંબોધતા અખિલેશ યાદવે કહ્યું હતું કે લોકો મોંઘવારી અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે. બુલડોઝરને લઈને અખિલેશ યાદવના નિવેદન પર યોગીનો પલટવાર, બુલડોઝર ચલાવવા માટે દિલ અને દિમાગ જોઈએ.

# વિનેશ ફોગાટ અને બજરંગ પૂનિયા રાહુલ ગાંધીને મળતા ચૂંટણી લડવા અંગે તર્ક-વિતર્ક

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૪

વિધાનસભા ચૂંટણી લડવાની વાતો વચ્ચે કુસ્તીબાજો વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા બુધવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા. જ્યારે તે ભારત પરત આવી ત્યારે હરિયાણા કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડ્ડા પણ તેને મળવા આવ્યા હતા. કોંગ્રેસે કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં ૬૬ બેઠકો માટે પોતાના ઉમેદવારો નક્કી કર્યા છે. નવી દિલ્હીમાં મંગળવારે મળેલી બેઠકમાં ૪૧માંથી ૩૨ બેઠકો પર ચર્ચા કરવામાં આવી હતી. એક દિવસ પહેલા એટલે કે સોમવારે ૩૪ સીટો માટે નામ ફાઈનલ કરવામાં આવ્યા હતા. હરિયાણાના પ્રભારી દીપક બાબરિયાએ કહ્યું- ગુરુવારે નક્કી થશે કે બંને ચૂંટણી લડે છે કે નહીં. સાથે જ ગુરુવારે યાદી પણ જાહેર કરવામાં આવશે. બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, અજય માકન અને અન્ય નેતાઓ હાજર હતા.

# જમ્મુ-કાશ્મીરમાં પૂર્ણ બહુમતી સાથે ભાજપ સરકાર બનાવશે : પ્રભારી રામ માધવનો દાવો

**જમ્મુ-કાશ્મીરના લોકો ૩૪ વર્ષથી દુર્ઘટનાનો સામનો કરી રહ્યાં છે**

(એ.આર.એલ),શ્રીનગર,તા.૪

ભારતીય જનતા પાર્ટીના નેતા રામ માધવે મોટો દાવો કરતા કહ્યું કે તેમની પાર્ટી જમ્મુ-કાશ્મીરમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવશે. રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના પ્રભારી



રામ માધવે કહ્યું કે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી ઐતિહાસિક ચૂંટણી હશે. તેમણે કહ્યું કે જે પરિવારોને કારણે કાશ્મીર ઘાટી અને જમ્મુના લોકો છેલ્લા ૩૪ વર્ષથી મોટી દુર્ઘટનાનો સામનો કરી રહ્યા છે તેઓને તેનાથી રાહત મળશે.

રામ માધવે કહ્યું, 'અમને વિશ્વાસ છે કે જમ્મુ-કાશ્મીરમાં એક નવું નેતૃત્વ ઉભરશે. જેઓ શાંતિ ઈચ્છે છે, જે આતંકવાદને બિલકુલ સમર્થન નથી આપતા અને વિકાસ ઈચ્છે છે, આવા પક્ષો અને નેતાઓ કાશ્મીર ખીણમાં પણ ઉભરી આવશે. ભાજપ જમ્મુમાં શાંતિ, સૌહાર્દ અને વિકાસ લાવશે. અમે જમ્મુ અને કાશ્મીરના લોકોને યાદ અપાવીશું કે જે મેનિફેસ્ટો અમને જૂના દિવસો અને જૂની મુશ્કેલીઓમાં લઈ જવા માટે લાવવામાં આવ્યો છે તે નેશનલ કોન્ફરન્સ, પીડીપી અને આતંકવાદીઓની મદદથી ખુલ્લેઆમ ચૂંટણી લડી રહેલા તમામ લોકો લાવ્યા છે.

# મહારાષ્ટ્રના પૂર્વ ટ્રેઈની આઈએએસ ઓફિસર પૂજા ખેડકરે નકલી પ્રમાણપત્ર રજૂ કર્યુ હતું : દિલ્હી પોલીસ

(એ.આર.એલ),મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રની પૂર્વ આઈએએસ તાલીમાર્થી પૂજા ખેડકરની મુશ્કેલીઓ વધી ગઈ છે. વાસ્તવમાં, દિલ્હી પોલીસે હાઈકોર્ટમાં દાખલ કરેલા સ્ટેટસ રિપોર્ટમાં એ સ્વીકાર્યું હતું કે પૂજા ખેડકરનું ડિસેબિલિટી સર્ટિફિકેટ નકલી હતું. સ્ટેટસ રિપોર્ટમાં દિલ્હી પોલીસે કહ્યું કે પૂજા ખેડકરે સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન નકલી પ્રમાણપત્ર આપ્યું



હતું. આ ઉપરાંત પૂજા ખેડકરે પણ સર્ટિફિકેટમાં નામ બદલી નાખ્યું હતું. મહારાષ્ટ્રમાંથી આ નકલી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોવાનો દાવો પણ ખોટો હોવાનું જાણવા મળ્યું છે. તમને જણાવી દઈએ કે પૂજા ખેડકરે જે ડિસેબિલિટી સર્ટિફિકેટ ફાઈલ કર્યુ હતું તેના સંબંધમાં કથિત રીતે કહેવામાં આવ્યું હતું કે તે મેડિકલ ઓથોરિટી, અહેમદનગર, મહારાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસના સ્ટેટસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૨ અને ૨૦૨૪ની યુપીએસસી પરીક્ષાઓ દરમિયાન, પૂજા ખેડકરે બે ડિસેબિલિટી સર્ટિફિકેટ ફાઈલ કર્યા હતા, જેને મેડિકલ ઓથોરિટી, અહેમદનગર, મહારાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવ્યા હતા. મેડિકલ વિભાગે આ પ્રકારનું કોઈ વિકલાંગતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ઓથોરિટીનું કહેવું છે કે પૂજા ખેડકર જે ડિસેબિલિટી સર્ટિફિકેટની વાત કરી રહી છે તે તેમણે જારી કર્યું નથી.

# ઈન્દોરમાં મહિલા પર સામૂહિક બળાત્કાર કરી નગ્ન હાલતમાં ડાન્સ કરાવવા બદલ પાંચ સામે ફરિયાદ

(એ.આર.એલ),ઈન્દોર,તા.૪

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઈન્દોરમાં ૩૪ વર્ષીય મહિલા પર સામૂહિક બળાત્કાર અને તેને નગ્ન અવસ્થામાં ડાન્સ કરવા માટે મજબૂર કરવા બદલ પાંચ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. એક પોલીસ અધિકારીએ આ જાણકારી આપી.



મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશના ૧૯ દિવસ બાદ આ કેસ નોંધવામાં આવ્યો છે. હાઈકોર્ટે પોલીસને મહિલાની ફરિયાદ પર વિચાર કરીને ૯૦ દિવસમાં તેનો નિકાલ કરવાનો આદેશ આપ્યો હતો. અધિકારીએ જણાવ્યું કે મહિલાએ કનેડિયા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે કે આરોપીઓ તેને ૧૧ જૂનના રોજ બળજબરીથી એક વેરહાઉસમાં લઈ ગયા હતા જ્યાં ટીવી પર પોર્ન વીડિયો જોયા બાદ તેમણે તેની સાથે ગેંગરેપ કર્યો હતો.

# દેશવાસીઓના પેટ ભરવા માટે નામિબિયા ૭૦૦થી વધુ વન્યપ્રાણીઓની હત્યા કરશે

નામિબિયા,તા.૪

છેલ્લા ૧૦૦ વર્ષના સૌથી ભયાવહ દુકાળનો સામનો કરી રહેલા નામિબિયાએ ભૂખમરાથી અસરગ્રસ્ત દેશવાસીઓના પેટ ભરવા હાથી, હિપ્પોપોટેમસ, હરણ, સાબર અને ઝિબ્રા સહિત ૭૦૦થી વધુ વન્ય પશુઓની કતલ કરવાનો નિર્ણય લીધો છે.

આ પશુઓની કતલ કરીને તેમનું માંસ ભૂખમરાગ્રસ્ત લોકોમાં વહેંચવામાં આવશે. નામિબિયાના વન, પર્યાવરણ અને પ્રવાસન મંત્રાલયના જણાવ્યા મુજબ કુલ ૭૨૩ વન્ય પશુઓની કતલ કરાશે, જેમાં ૩૦૦ ઝિબ્રા, ૧૦૦ બ્લૂ વાઈલ્ડર બિસ્ટ, ૧૦૦ સાબર, ૮૩ હાથી, ૬૦ ભેંસ, ૫૦ ઈમ્પાલા (દક્ષિણ આફ્રિકન નાના હરણ) અને ૩૦ હિપ્પોપોટેમસનો સમાવેશ થાય છે. આ વર્ષે મે મહિનામાં દુકાળની સ્થિતિ વકરતાં નામિબિયાએ કટોકટી જાહેર કરી હતી.

# અમેરિકાના ટેક્સાસમાં પાંચ વાહનો વચ્ચે અથડામણ, ૪ ભારતીયો જીવતા ભૂંજાયા

વોશિંગ્ટન,તા.૪

અમેરિકાના ટેક્સાસમાં પાંચ વાહનોની ભયાનક અથડામણમાં ચાર ભારતીયોના મોત થયા હતા. મૃતકોમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. એક ઝડપી ટ્રકે એસયુવી કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અથડામણ બાદ કારમાં આગ લાગી હતી અને તમામ મુસાફરો દાઝી ગયા હતા.



પીડિતોની ઓળખની પુષ્ટિ કરવા માટે ડીએનએ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. મૃત્યુ પામેલા લોકોની ઓળખ થઈ ગઈ છે. મુસાફરો બળીને ખાખ થઈ ગયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ફિંગરપ્રિન્ટિંગ, દાંત અને હાડકાના અવશેષોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.


**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૩૪/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** ૧. પુનાભાઈ જીવાભાઈ ઢોલરીયા
રહે. મોટા ભમોદ્રા, તા. સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટા ભમોદ્રા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રી અનસુયાબેન પુનાભાઈ ઢોલરીયાનો જન્મ તા.૧૫/૦૬/૧૯૭૯ ના રોજ મુ.મોટા ભમોદ્રા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં પાકિસ્તાન નીચે પછડાયુ, વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમ આગળ

**ઘરઆંગણે પાકિસ્તાનને બાંગ્લાદેશે ધૂળ ચટાવી**

(એ.આર.એલ),મુંબઈ,તા.૪



બાંગ્લાદેશ સામે ઘરઆંગણે શરમજનક હારનો સામનો કર્યા બાદ પાકિસ્તાનની ટીમ ઘણી ટીકાઓનો સામનો કરી રહી છે. ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં કારમી હારનો સામનો કર્યાના એક દિવસ બાદ પાકિસ્તાનની ટીમને વધુ એક મોટો આંચકો લાગ્યો છે. વાસ્તવમાં, ૨ ટેસ્ટ મેચની શ્રેણીમાં ધૂળ ખાઈને પાકિસ્તાનની ટીમ આઈસીસી રેન્કિંગમાં નીચે આવી ગઈ છે. પાકિસ્તાનની ટીમની હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમો તેનાથી ઉપર છે. પાકિસ્તાનથી માત્ર ૪ ટીમો નીચે છે. તાજેતરની આઈસીસી ટેસ્ટ ટીમ રેન્કિંગમાં પાકિસ્તાન ૨ સ્થાન નીચે આવી ગયું છે અને હવે તે ૮માં નંબરે પહોંચી ગયું છે. પાકિસ્તાનના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી ખરાબ ટેસ્ટ રેન્કિંગ છે.

પાકિસ્તાન ૨ સ્થાન નીચે આવવાને કારણે ૧-૧ સ્થાનનો ફાયદો થયો છે. શ્રીલંકા છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે જ્યારે વેસ્ટ ઈન્ડિઝ સાતમા સ્થાને પહોંચી ગયું છે.


**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૪૧/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી વાઘમશી રણછોડભાઈ કાનાભાઈ,
રે. ગોરડકા, તા. સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તકમશ્રી ગોરડકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતા રાણીબેન કાનાભાઈ વાઘમશીનું મરણ તા.૦૮/૦૪/૨૦૦૧ ના રોજ મુ.ગોરડકા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**વારંવાર રડતો હોવાથી બાળકને બચકા ભરી મોતને ઘાટ ઉતાર્યો**

# અમરેલીના રાજસ્થળી ગામે દોઢ વર્ષીય પૌત્રની દાદીએ કરી હત્યા

**પોલીસે જાતે ફરિયાદી બની બાળકની હત્યા કરનાર દાદી સામે ગુનો નોંધી ધરપકડ કરી**



અમરેલી,તા.૪

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામમાં રહેતા એક મુસ્લિમ પરિવારના દોઢ વર્ષના બાળકનું શંકાસ્પદ મોત થતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે બાળકની લાશનો કબજો કરી ભાવનગર ફોરેન્સીક પીએમ માટે મોકલી આપી હતી. જો કે પ્રાથમિક વિગત મુજબ બાળકની હત્યા થઈ હોવાનું સામે આવતા પોલીસે જીવણટભરી તપાસ કરતા બાળકની હત્યા તેની દાદીએ જ કરી હોવાનું સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેણાંક મકાનમાંથી મુસ્લિમ પરિવારનો દોઢ વર્ષીય બાળક બચકા ભરેલી હાલતમાં મળી આવતા ગ્રામજનોએ તાત્કાલિક આ અંગે અમરેલી તાલુકા પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે બાળકની લાશને અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. બાળકના શરીર પર બચકા ભરેલા નિશાન હોવાથી બાળકના મોતનું સાચુ કારણ જાણવા માટે લાશને ભાવનગર ફોરેન્સીક પીએમ માટે ખસેડી હતી. જયાં બાળકને બચકા ભરી મોતને ઘાટ ઉતાર્યો હોવાની પોલીસને પ્રાથમિક વિગતો મળી હતી જેથી પોલીસે આ અંગે તપાસ હાથ ધરતા બાળકની હત્યા તેના દાદી કુલસન હુસૈનભાઈ સૈયદે કરી હોવાનો ખુલાસો થયો હતો. આ અંગે ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, બાળક વારંવાર રડતો હોવાથી બાળકને ગાલ પર માર મારી શરીરે બટકા ભરવામાં આવ્યા હતા જેથી બાળકનું મોત થયુ હતું. પોલીસે દાદી કુલસનબેન સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આમ, બાળક રડવાને કારણે તેની હત્યા કરવામાં આવતા દાદી પર ફીટકાર વરસી રહ્યો છે. અમરેલી તાલુકા પોલીસે ફરિયાદી બની દાદીની ધરપકડ કરી હતી.

**માતા બાજુમાં રૂમમાં હતી તો ખબર કેમ ન પડી ?**

રાજસ્થળી ગામે કુલસનબેન સૈયદે પોતાના પૌત્રને માર મારી બચકા ભરી હત્યા નિપજાવી હોવાના સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યાં છે. જાણવા મળતી માહિતી મુજબ પૌત્ર પોતાની દાદી પાસે હોય અને વારંવાર રડતો હોવાથી દાદી કુલસને આ હત્યાને અંજામ આપ્યો હતો. જો કે જયારે બાળકને માર મારવામાં આવ્યો ત્યારે બાળકની માતા બાજુના રૂમમાં હતી તો પછી આ ઘટના અંગે માતાને કેમ ખબર ન પડી તે પણ એક સવાલ છે. હાલ તો પોલીસ તમામ પાસાઓ ચકાસી રહી છે.

**જો વેપારીઓનો પ્રશ્ન હલ નહી થાય તો શહેરમાં નવા ઉદ્યોગો લાવવા કોઈ તૈયાર નહી થાય**

# અમરેલી GIDCના વાહનો ચલાવવા બાબતે તંત્ર સાથે બેઠક નિષ્ફળ : પોલીસ ફરીયાદ નોંધાઈ





અમરેલી,તા.૦૪

અમરેલી શહેરમાં છેલ્લાં ઘણા સમયથી જીઆઈડીસીના વેપારીઓના પ્રશ્નનું નિરાકરણ આવ્યું નથી. જેને લઈ આજે જીઆઈડીસીના વેપારીઓ અને તંત્ર વચ્ચે પ્રશ્નના નિરાકરણ અંગે બેઠક યોજાઈ હતી. અમરેલી જીઆઈડીસીના વેપારીઓ વર્ષોથી લાઠી ફાટક પાસે વાહન ચલાવતા હતા ત્યારે અચાનક જ જે માર્ગ પરથી વાહન ચાલતા હતા તે માર્ગ ખાનગી માલિકીનો હોવાથી આ માર્ગ પ્લોટધારકે બંધ કરી દીધો હતો. જેને લઈ જીઆઈડીસીના વાહનોને ફરજિયાત હનુમાનપરા વિસ્તારમાં થઈને લાઠી બાયપાસ જવા માટેની ફરજ પડી હતી. હનુમાનપરા વિસ્તારમાંથી વાહનો ચાલતા હોવાથી આ માર્ગ પર સોસાયટીઓ અને શાળાઓ આવેલી હોવાથી વિસ્તારવાસીઓને અકસ્માતનો ભય સતાવતો હતો. આ બાબતે રહીશો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી આમ છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેથી છેવટે વિસ્તારવાસીઓએ જુના માર્ગ પર પ્લોટધારકે દિવાલ ચણી લીધી હોય તે દિવાલને ધરાશાયી કરવામાં આવી હતી તો પ્લોટ ધારકે પોતાની જમીનમાંથી વાહન ચાલે નહી તે માટે મસમોટી ગટર ખોદી નાખતા રહેવાસીઓ રોષે ભરાયા હતા અને લાઠી ફાટક પાસે રામધૂન બોલાવી પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો જેને લઈ ડીવાયએસપી, મામલતદાર સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમજાવટના પ્રયાસો હાથ ધર્યા હતા. આ બાબતે આજે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી ખાતે પોલીસ તંત્ર, જીઆઈડીસીના વેપારીઓ, વિસ્તારવાસીઓએ પાલિકના સ્ટાફ અને પ્રાઈવેટ પાર્ટીની બેઠક યોજાઈ હતી. કલાકો સુધી ચાલેલી આ બેઠકમાં કોઈ યોગ્ય નિરાકરણ ન આવતા વિસ્તારવાસીઓ અને વેપારીઓમાં ભારે રોષ ફેલાયો હતો. જ્યારે ખાનગી પ્લોટના માલીકોએ ગઈકાલે થયેલ નુકશાન બદલ પોલીસ ફરીયાદ કરી હોવાનું જાણવા મળેલ છે.

**વેપારીઓનો પ્રશ્ન હલ નહી થાય તો શહેરને આર્થિક નુકસાન**

જીઆઈડીસીમાંથી વાહનો લાઠી ફાટક થઈને જતા હોવાથી આ માર્ગ બંધ કરવામાં આવ્યો હતો જેથી વાહનોને ફરજિયાત હનુમાનપરા, પાઠક સ્કૂલ થઈને લાઠી બાયપાસ થઈને જવુ પડે છે. આ અંગે જીઆઈડીસીના વેપારીઓએ જણાવ્યું હતું કે હનુમાનપરા વિસ્તારમાંથી વાહન ચલાવવા માટે લોકો વિરોધ કરી રહ્યાં છે. ગરનાળા નીચેથી મોટા વાહનો જઈ શકતા નથી. વિસ્તારમાંથી વાહનો ચલાવવા દેતા નથી જેથી જો આવી પરિસ્થિતિ રહી તો આવનારા સમયમાં શહેરના જીઆઈડીસી વિસ્તારમાં કોઈ નવા ઉદ્યોગ આવી શકશે નહી જેના કારણે શહેરને આર્થિક નુકસાન થઈ શકે છે જેના કારણે અનેક લોકોની રોજીરોટી પર અસર થાય તેમ છે. શહેરમાં હજારો લોકોને રોજીરોટી આપતા શિતલના આઈસ્ક્રીમના માલીક દિનેશભાઈ ભુવાએ રોષપુર્વક જણાવ્યું હતું કે જો રસ્તા બાબતે યોગ્ય નિરાકરણ નહિ આવે તો આગામી સમયમાં જીઆઈડીસીના એક પણ ઉદ્યોગકાર નવા ઉદ્યોગ શરૂ કરશે નહી અને ધીમેધીમે પોતાના ધંધાઓ અન્ય શહેર તરફ લઈ જશે.

**'અભણ' ચીફ ઓફિસરને શહેરનું કાંઈ જ્ઞાન નથી**

અમરેલી નગરપાલિકાએ યોજાયેલ બેઠકમાં જીઆઈડીસીના વેપારીઓ અને વિસ્તારવાસીઓ હાજર રહ્યાં હતા. આ બેઠકમાં પ્રાંત અધિકારી, મામતલતદાર, ચીફ ઓફિસર પટેલ સહિત પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યાં હતા. જયાં વિસ્તારવાસીઓએ હનુમાનપરા માર્ગ કેટલો પહોળો છે તેવું પૂછતા ચીફ ઓફિસર પટેલે માથુ ખંજવાળ્યુ હતું અને અન્ય પાલિકાના કર્મચારીને આ બાબતે પુછ્યુ હતું તેમજ દબાણ કેટલુ દૂર કરાયુ હોવાનું પુછતા ચીફ ઓફિસરે ફરી માથુ ખંજવાળ્યુ હતું અને આ બાબતે કર્મચારીને પુછ્યુ હતું. આમ, શહેરની જવાબદારી જેના શિરે છે તેવા ચીફ ઓફિસરને રસ્તા બાબતે કે દબાણ બાબતે કોઈ જ્ઞાન ન હોવાથી ચીફ ઓફિસરની લાયકાત સામે સવાલો ઉભા થયા છે.

# સુરત જ્વેલર્સની દુકાનમાંથી બે કિલો સોનુ લૂંટી તસ્કરો ફરાર

સુરત,તા.૦૪

સુરત શહેરના પોશ વિસ્તારમાં આવેલા જ્વેલર્સની દુકાનમાં ઈકો કારમાં આવેલા ચોરોએ કરોડો રૂપિયાની ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. કારમાં આવીને જ્વેલર્સની દુકાનમાં પ્રવેશ કરી સોના અને ચાંદીના દાગીનાની ચોરી કરી છે. સીસીટીવી ફૂટેજમાં ચાર આરોપીઓ જોવા મળે છે. જેના આધારે ઉમરા પોલીસે તપાસ શરૂ કરી છે. સુરત શહેરના ઉમરા વિસ્તાર ખાતે આવેલા ટર્નિંગ પોઈન્ટ નજીક ઓરનામેન્ટલ જ્વેલર્સ નામની દુકાનમાં ચોરી થઈ છે. રાત્રિના દરમિયાન ઈકો કારમાં આવેલા ચાર જેટલા લોકોએ દુકાનનું શટર ખોલી સોના અને ચાંદીની ચોરી કરી છે. અંદાજે કરોડો રૂપિયાની ચોરીની તપાસ ઉમરા પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. જ્વેલર્સે પોલીસને પ્રાથમિક રીતે જણાવ્યું છે કે, શોપની અંદર ડિસ્પ્લેમાં રાખવામાં આવેલ બે કિલો સોનું અને એક કિલો ચાંદી લઈને તસ્કરો ફરાર થઈ ગયા છે. આરોપીઓ સૌ પ્રથમ ઈકો કારથી આવે છે અને ત્યાર બાદ દુકાનનું શટર ઊંચું કરી કરોડો રૂપિયાના સોના-ચાંદીની ચોરી કરે છે અને ત્યાર બાદ ડીવીઆર પણ લઈને ફરાર થઈ જાય છે. આ સમગ્ર મામલે હાલ પોલીસ તપાસ ચાલી રહી છે.





**ડો.અમિત પોલરાને જન્મદિવસ નિમિતે લાખ લાખ અભિનંદન**

જુનાગઢ કૃષિ વિશ્વ વિદ્યાલયના કપાસ સંશોધન કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. અમિત એમ. પોલરાનો આજે જન્મદિવસ છે. ડો. પોલરાએ પી.એચ.ડી. સુધી અભ્યાસ પૂર્ણ કરી મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક તરીકે કાર્યરત છે.

ડો. પોલરા ખેડૂતો, કૃષિ તજજ્ઞો, વૈજ્ઞાનિકોમાં મિલનસાર સ્વભાવે સર્વેને સાથે રાખી કાર્ય કરી રહયાં છે. જયારે ડો. પોલરા કૃષિ ક્ષેત્રે રાષ્ટ્રીય સંશોધન અખતરાઓ અને રાજય સંશોધન અખતરાઓની જવાબદારી નિભાવી રહયાં છે. આ ઉપરાંત પોસ્ટગ્રેજયુએટ અભ્યાસક્રમમાં પણ કાર્યરત છે. ડો. પોલરા આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય વિવિધ કૃષિ સોસાયટીમાં મેમ્બર તરીકે પણ નિમણુંક પામેલ છે. વિવિધ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય કૃષિ ક્ષેત્રે ડો. પોલરાએ ૧૨ કરતા વિવિધ એવોર્ડ અને મેડલ મેળવ્યા છે. દેશની અગ્રીમ હરોળની નાસ રેટિંગ જર્નલ્સમાં વિવિધ ૧૫ કરતા વધું સંશોધન પત્રો રજૂ કર્યા છે. કૃષિમાં જરૂરી નવીનતમ માહીતી સભર ૧૯ કરતા વધારે પુસ્તકો પણ આપ્યા છે. આવા ખેડૂતો અને કૃષિના ઋષિઓમાં નિર્મોહી એવા શ્રી અમિત એમ. પોલરાને જન્મદિવસ નિમિતે લાખ લાખ શુભકામનાઓ.....

શુભેચ્છક

સંજયભાઈ કુંભાણી (સુરત)
વિપુલભાઈ ચોથાણી (પુના)
નવનીતભાઈ કરકર (મેંદરડા)
અમિતભાઈ ડાવરીયા (સુરત)
જીગ્નેશભાઈ આસોદરિયા (ઓસ્ટ્રેલિયા)
વિપુલભાઈ જોધાણી (લંડન)
ચંદ્રેશભાઈ વીરડીયા (GETCO)


# રાજયમાં ૨૪ કલાક પછી વરસાદનું જોર ઘટશે : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૪

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ માટે વિવિધ ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના બે જિલ્લા- બનાસકાંઠા અને પાટણમાં અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો બે કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૧૪ જિલ્લામાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હાલમાં ગુજરાત ઉપર ત્રણ સિસ્ટમ સક્રિય છે, જેને કારણે આગામી પાંચ દિવસ વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા વરસી શકે છે. રાજયમાં ૨૪ કલાક પછી વરસાદનું જોર ઘટશે.

# જૂનાગઢમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા પરિવારના ૪ સભ્યો ગંભીર ઘાયલ

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૪



જૂનાગઢમાં એક પરિવાર બ્લાસ્ટનો શિકાર થયો. ગણેશ નગર વિસ્તારમાં એક ઘરના રસોડામાં ગેસનું રેગ્યુલેટર ભૂલથી ખુલ્લું રહી ગયું, પરિવારના સભ્યએ રસોડાની લાઈટ ઓન કરી અને બ્લાસ્ટ થયો, સાત વર્ષના બાળક સહિત પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાઝ્યા. જૂનાગઢના ગણેશ નગરમાં ગતરાત્રિના દસ વાગ્યાની આસપાસ એક મકાનમાં ગેસના બાટલાનું રેગ્યુલર ભૂલથી ખુલ્લું રહી જતા બ્લાસ્ટ થતા એક જ પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાઝ્યા હતા. કટારીયા પરિવારનો નાનો દીકરો હિતેશ પોતાના રૂમમાં વાંચતો હતો. રસોડામાં એલ્યુમિનિયમના સેક્શન વાળા બારી દરવાજા પણ બંધ હતા ત્યારે અચાનક જ પરિવારના સભ્યને રસોડામાં કંઈક કામ યાદ આવતા તેણે રસોડાનો દરવાજો ખોલી લાઈટ ઓન કરતાની સાથે જ રસોડામાં બ્લાસ્ટ થયો હતો.

# રાજકોટના બે ફાયર ઓફિસરની મુલાકાત બાદ ૧૩૯ ફાઈલ પાસ થતા ચકચાર મચી





(એ.આર.એલ),રાજકોટ,તા.૪

રાજકોટના બે પૂર્વ ચીફ ફાયર ઓફિસરની મુલાકાત ચર્ચામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે થોડા સમય પહેલા એસીબીએ જેને પકડ્યા છે તેવા ઈન્ચાર્જ સીએફઓ અનિલ મારૂ જેલમાં બંધ પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને મળ્યા હતા અને મારૂ અને ખેરની મુલાકાત બાદ એક જ મહિનામાં ૧૩૯ ફાઈલ પાસ થઈ ગઈ અને એટલે જ સવાલ ઉઠી રહ્યા છે કે, શું લાંચનો ખેલ પાડવા મુલાકાત કરાઈ હતી? જેલમાં મેજિસ્ટ્રેટની વિઝિટ વખતે બંને વાત કરતા નજરે પડ્યા હતા.


**અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**

**''અમર ડેરી''**

અમર ત્રિભેટો, ધારી રોડ -અમરેલી

**સૂચના પત્ર**

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૨ મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે સેન્ટર ઓફ એક્સેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેક્ટરી સામે નીચેના કામો માટે મળશે.

**એજન્ડા**

૧. ગત તારીખ ૨૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવા બાબત.
૨. દૂધ સંઘનું તા. ૩૧/૦૩/ ૨૦૨૪ આખરનું નિયામક મંડળ તથા ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલ સરવૈયુ ,નફા નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલ મજુંર રાખવા બાબત.
૩. એક્ઝીકયુટીવ કમિટી અને અન્ય કમિટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૩ થી ૩૧/૦૩/૨૪ સુધી કરાયેલ કામગીરીને બહાલી આપવા બાબત.
૪. નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સને ૨૦૨૩/૨૦૨૪ નાં નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજૂર કરવા બાબત.
૫. દૂધ સંઘના સને ૨૦૨૩/૨૦૨૪ નો ઓડીટ મેમો તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૬. સને ૨૦૨૪/ ૨૦૨૫ નાં વર્ષનું બજેટ મંજુર કરવા બાબત
૭. પ્રમુખશ્રી અથવા તેમની પરવાનગીથી અન્ય જે, રજુ થાય તેના પર ચર્ચા - વિચારણા કરવા બાબત.

નોંધ-
(૧) દરેક જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ સંઘની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો વાર્ષિક ઠરાવ કરી દૂધ સંઘને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે લાવવી.
(૨) દૂધ સંઘના વ્યકિત સભાસદોનાં ડેલીગેટો ની ચૂંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોક્ત સ્થળે સાધારણ સભા અગાઉ ૧૦-૧૫ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી.

સ્થળ- અમર ડેરી , અમરેલી
નોંધ - બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સુચનાથી
સહી
ડો. આર.એસ.પટેલ (મેનેજીંગ ડીરેક્ટર)
અમર ડેરી-અમરેલી



**અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.,અમરેલી**

'ભોજલરામ ભવન',રાજમહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી.ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧,
ઈ-મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ :www.ajmsbank.com

**:: સૂચના પત્ર ::**

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૪ મી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે અમરદાણ ફેક્ટરી સામે CENTRE OF EXCELLENCE, (ET/IVF) લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.

**:: એજન્ડા ::**

૧. ગત તા. ૨૪/૦૯/ ૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ ( પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા. ૩૧/૦૩/ ૨૦૨૪ આખરનાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સે મંજુર રાખેલ નફા-નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને. ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેક્ટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૨-૨૦૨૩ ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સપેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના હિસાબોનુ સ્ટેચ્યુટરી ઓડિટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨-૨૦૨૩ અને સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડિટ રીપોર્ટ અને તેને લગત ઓડિટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડિટ રીપોર્ટ અને તેને લગત ઓડિટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડિટનો (ઈલેક્ટ્રોનીક ડેટા પ્રોસેસીગ) ઓડિટ રીપોર્ટ અને તેને લગત ઓડિટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદીજુદી કમીટીઓ દ્વારા તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની ૨૬/૦૪/ ૨૦૨૪ ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગના ઠરાવ નં ૭૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાને અન્ય જે કાંઈ રજુ થાય તે.

**નોંધ:-**
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોક્ત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૩૦ કલાકે મળશે. જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરી બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.

સ્થળ:- હેડ ઓફિસ, અમરેલી
તારીખ:- ૦૪/૦૯/૨૦૨૪

બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સુચનાથી
સહી
(બી.એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.